Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૬ · અંક : ૪૭ · તા. ૧૬ થી ૨૨ નવેમ્બર ૧૩ · વાર્ષિક લવાજમ ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14

## અબડાસા વિસ્તારની આપણી સંસ્થાઓની સાચવણી માટે જાગૃતિ અને દશાઓની નવી દિશા જરૂરી

- અરવિંદ લાલજી લોડાયા,
ટ્રસ્ટી શ્રી સમસ્ત ક.દ.ઓ. જ્ઞાતિ મહાજન - ગાંધીધામ













અબડાસા વિસ્તારનાં ગામોમાં નાની-મોટી પંચતિર્થીમાં આવેલ ભવ્ય જિનાલયો અને સંસ્થાઓનાં મકાનોની સાચવણી માટે દરેક ગામવાસીઓની જાગૃતિ જરૂરી અબડાસાનાં ગામોમાં આપણી જ્ઞાતિની ઘટતી વસ્તી અતિ ચિંતાજનક છે પણ સ્થાનિકે રહીને કરે પણ શું ? શિક્ષણ, મેડીકલ, સામજીક અને આર્થીક સગવડો ન હોવાથી સ્થાનિકે પોતાના પરિવારનો અને ભવિષ્યનો વિચાર કર્યા પછી વસ્તી રહેશે નહી.

સદભાગ્યે કચ્છમાંજ ઉજળી તકો ગાંધીધામ- કંડલા - મુન્દ્રા વિસ્તારનો લાભ આપણી જ્ઞાતીનાં મોવડી જ્ઞાતિ શિલ્પી શ્રી પદમશીભાઈ લાલકા. અને કચ્છનાં જાજરમાન તિર્થોશ્રી નારાયણ સરોવર ટ્રસ્ટ અને શ્રી માતાના મઢ જાગીરનાં ટ્રસ્ટીશ્રી રમેશભાઈ દંડનાં સક્રિય પ્રયાસોથી જ્ઞાતિજનોને રોજગારી અપાવી અને પગભર કરવા આજ દિવસ સુધી ૭૫ વર્ષની જૈફ વયે પણ જ્ઞાતિજનોને શૈક્ષણિક અને આર્થિક રીતે ઊભા કરીને લગભગ ૨૫૦ પરિવારોમાંથી પોતાની માલિકીનો મકાન વિહોણો કોઈ પણ નથી જે આપણી જ્ઞાતિ માટે ગૌરવની વાત છે. કચ્છ એકમ દ્વારા આયોજીત યુવા - ઉમંગ - ૨૦૧૩ આગામી ડીસેમ્બર - ૨૦૧૩ને યાદગાર બનાવવા માટે બંને વડીલોનાં માર્ગદર્શન હેઠળ યુવાનો સફળતા પૂર્વક પૂર્ણ કરવા રાત - દિવસ મહેનતે કાર્ય કરી રહ્યા છે.

અબડાસા વિસ્તારમાં શૈક્ષણિક રીતે કોઈ સારી અંગ્રેજી માધ્યમની શાળાઓ નથી. છોકરા હજી પણ બહાર જઈને શિક્ષણ લઈ શકે છે પણ છોકરીઓ માટે ધોરણ - ૭, ૮ સુધી અભ્યાસથી સીમીત રહે છે આર્થિક વ્યવસાયમાં મોટી પંચતીર્થીનાં ગામોને છોડીને બાકીનાં ગામોમાં ખેતીવાડી કે પશુપાલન સિવાય કોઈ વ્યવસાય નથી. જે પણ પરિવારો સ્થાનિકે રહે છે તેમને યેનકેન ટકાવવા જરૂરી છે. તેમાં પણ વૃધ્ધ /અશક્ત કે આથિક રીતે નબળા કે એકલા વ્યક્તિઓ માટે મહાજને ભોજનશાળામાં મીનીમમ ચાર્જમાં વ્યવસ્થા ગોઠવવી જોઈએ સામજીક દ્રષ્ટીએ જોઈએ તો સગપણ, લગ્નની મોટામાં મોટી સમસ્યા છે. સ્થાનિકે રહેતા યુવાનો કપાસની ખેતી કરીને વાર્ષિક ૮ થી ૧૦ લાખની પેદાશ કરે કે પશુપાલનનાં વ્યવસાયથી માસિક ૨૪થી ૩૦ હજારના દુધનો વેચાણ કરનારાને યુવતી નહી મળે પરાણે આંતરજ્ઞાતિય લગ્ન કરવા પડે અથવા કુંવારા રહેવું પડે એવી સ્થિતી છે જ્યારે વિઠ્ઠલવાડી કે દેશાવરમાં સામાન્ય વ્યવસાય કે નોકરી કરતા યુવકનું ઘર પણ વસી જાય છે.

અનુસંધાન ૪થે પાને

# સ્નેહાંજલિ

જન્મ :
તા. ૨૩-૦૨-૧૯૩૮
હુબલી



અરિહંત શરણ
તા. ૦૯-૧૧-૨૦૧૩
મુલુન્ડ

## સ્વ. શ્રી જયચંદ માણેકજી લોડાયા

### કોઠારા (ગદગ હાલ મુલુન્ડ)

### જીવન ઝરમર

જયચંદભાઈએ નાની વયે વીમા કુંમાં એજન્ટ તરીકે કારકિર્દીની શરૂઆત કરી. સન ૧૯૫૫ માં મોટાભાઈ સાથે શા. લાલજી માણેકજી કું ગદગ ખાતે કપાસના વ્યવસાયમાં જોડાયા, સમય જતા ગદગમાં ઓઈલ મીલ ખરીદી. સને ૧૯૯૨માં ઓઈલ વ્યવસાયનો વિસ્તાર કરી મે. ધનભારતી ઓઈલ ઈન્ડ.ના નામે ઓઈલ મીલની સ્થાપના કરી. ૧૯૯૭માં શા. લાલજી માણેકજી ઈન્ડસ્ટ્રીઝ (પબ્લીક લીમીટેડ) નામની યાર્ન ઈન્ડ ની સ્થાપના કરી.

ગદગ લાયન્સ ક્લબના નેજા હેઠળ ડૉ. મોદી દ્વારા ૨૦૦ જેટલા દર્દીઓનું નિ:શુલ્ક આંખનું ઓપરેશન કરાવેલ. ગદગ મહાજનમાં ૨૦ વર્ષ સક્રિય હતા. ગદગ મહાજનમાં પ્રમુખ તરીકે પણ સેવા આપેલ, ક.દ.ઓ. જ્ઞાતિની સૈકા જુની ગદગ (C.D.O. Jain English School) શાળાના પ્રમુખ તરીકે સેવા આપેલ, તેમજ શાળાના શતાબ્દી વર્ષમાં પ્રમુખ તરીકે અમુલ્ય સેવા આપેલ.

તેમની વાણીમાં સરસ્વતીનો વાસ હોવાથી તેઓ સારા વકતા બની રહેલ, પુરૂષાર્થમય, સાદગીસભર, નિખાલસ, પરોપકારી, લાગણીશીલ, કુંટુંબવાત્સલ્યી અને પ્રેમાળ સ્વભાવથી તેઓ 'કાકા' તરીકે ઓળખાતા.

**સમયની સરિતા સ્મૃતિઓના સાગરમાં સમાઈ જશે...**
**દિન, માસ વર્ષો જેવા કાળમાં વલોવાતા નિર્મળ અમી પરિવારને સીંચશે**
**આપનો દિવ્ય આત્મા પરમપદને પામશે એજ પ્રાર્થના પરમ પ્રભુને સદા રહેશે.**

### ✻ સાદરાંજલિ પ્રાર્થી ✻

| | | |
|---|---|---|
| માતા-પિતા | : | સ્વ. માતુશ્રી ખેતબાઈ માણેકજી ટોકરશી લોડાયા (કોઠારા - ગદગ ) |
| ધર્મપત્ની | : | શ્રીમતી ગુણવંતીબેન |
| ભાઈ-ભાભી | : | સ્વ. પદમશી માણેકજી, સ્વ. મણીબાઈ પદમશી લોડાયા (કોઠારા - ગદગ) |
| | | શ્રી લાલજી માણેકજી, સ્વ. ધનબાઈ લાલજી લોડાયા (કોઠારા - ગદગ) |
| બહેન - બનેવી | : | શ્રીમતી રતનબેન ખીમજી લાલકા (વારાપધર-આદીપૂર) |
| સાસુ-સાસરા | : | સ્વ. માતુશ્રી ચંદનબેન કુવરજી વેરશી મોમાયા (બારોઈ-જલગામ) |
| સાળા-સાળાવેલી | : | શ્રી ધનવતી કુંવરજી, શ્રીમતી લેખાબેન ધનપતી મોમાયા (બારોઈ-જલગામ) |
| પુત્ર - પુત્રવધૂ | : | શ્રી લાજેશ જયચંદ, શ્રીમતી રીના લાજેશ લોડાયા |
| દિકરી - જમાઈ | : | શ્રીમતી હર્ષા ઉદય લાલજી લોડાયા (મોટી - સીધોંડી - મુલુન્ડ) |
| વેવાઈ - વેવાણ | : | સ્વ. લાલજી નરપાર, ગં.સ્વ રમાબાઈ લાલજી લોડાયા (મોટી - સીધોંડી - મુલુન્ડ) |
| | | શ્રી હીરાચંદ વેલજી, શ્રીમતી મધુરીબાઈ હિરાચંદ છેડા (સુથરી-મુલુન્ડ) |
| પૌત્ર-પૌત્રી | : | ઈંદર, હિમાંશી     દોહિત્રી : એકતા |

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
વ્યવસ્થાપક :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 47/2013**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
29/41, Tamarind Lane,
Behind Poomima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

## શ્રી અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘમાં કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિની ભૂમિકા

આર્યરક્ષિતસુરીએ ધર્મમાંનો શિથીલાચાર દૂર કરવા સ્થાપેલી પરંપરા અચલગચ્છ રૂપે વિકસી. અત્યારે આ ગચ્છમાં કચ્છી દશા ઓસવાલ જૈન ઉપરાંત કચ્છી વીસા ઓસવાલ જૈન, ગુર્જર જૈન અને મારવાડી જૈન અનુયાયી છે. અલબત્ત, નોંધપાત્ર વાત એ છે કે અપવાદ રૂપ કેટલાક કિસ્સાઓને વાદ કરીએ તો સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ અચલગચ્છીય સમાચારી છે. આ કારણસર અચલગચ્છની ધર્મપતાકા ઊંચી અને ઊંચી રહે તે માટે પ્રયત્ન કરવાને કચ્છી દશા ઓસવાલ સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાઓ પોતાનું પ્રથમ ધાર્મિક કર્તવ્ય માને છે.

આજના કાળમાં અચલગચ્છ પાસે ભલે મોટો સાધુ સમુદાય ન હોય, સાધ્વી સમુદાયની સંખ્યા નોંધ પાત્ર છે. અને તેમનું વિદ્વતાનું પ્રમાણ પણ ગણાનાપત્ર છે. મહત્વની વાત એ છે કે જ્ઞાતિ પાસે ધર્મનું સારું જ્ઞાન ધરાવતા દીક્ષા વગર સાધુ જેટલુંજ ધર્મજ્ઞાન ધરાવતા શ્રાવક - શ્રાવિકાઓની સારી સંખ્યા છે.

બીજા શબ્દોમાં કહીએ તો સાધુઓની સંખ્યાની બાબતમાં પાછળ ગણાતા અચલગચ્છમાં ચતુર્વિધ સંઘ તરીકે ધર્મ જાણાકારો - ધર્મ આરાધકોની મોટી સંખ્યા તેને ધાર્મિક બાબતોમાં પાછળ રહી જતા અટકાવે છે.

ક.દ.ઓ. જૈન જ્ઞાતિના નારાણજી શામજી મોમાયાએ અચલગચ્છની આ વિશિષ્ટ સ્થિતી જોઈ તથા ભવિષ્યમાં આનાથી સારી સ્થિતી ઊભી કરવા શ્રી અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘની સ્થાપનાનો વિચાર રજુ કર્યો અને તેને વ્યાપક સમર્થન મળતા શ્રી અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘની સ્થાપન થઈ. આ વિચાર રજૂ કરનાર ક.દ.ઓ. જ્ઞાતિના હતા અને જ્ઞાતિ અચલગચ્છને પોતાની ધર્મ પરંપરા સમજે છે એટલે આ નવી સંસ્થાને સફળ બનાવવા ક.દ.ઓ. જૈન જ્ઞાતિ તરફથી હમેંશા રચનાત્માક વલણ અપનાવાયું છે.

શ્રી અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘમાં આગળ કહ્યું તેમ ક.દ.ઓ. ઉપરાંત ક.વીઓ, ગુર્જરો અને મારવાડીઓ પણ છે. તે છતા તેના પ્રત્યે સંપૂર્ણ વફાદારી અને આત્મીયતાની ભાવનાથી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ તેમાં અગત્યનું સ્થાન ધરાવે છે.

જ્ઞાતિએ અચલગચ્છની પતાકા ઊંચી ફરકાતી રહે તે માટે એકેકથી ચઢીયાતા ધર્મપ્રેમી આગેવાનોને પોતાના વારા વખતે શ્રી અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘના પ્રમુખપદે મોકલ્યા છે. જેમણે ગચ્છનું અને જ્ઞાતિનું ગૌરવ વધાર્યું છે.

આ વખતે શ્રી અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘનાં પ્રમુખ થવાનો ક.દ.ઓ. જૈન જ્ઞાતિના આગેવાનનો વારો છે, ત્યારે પરિસ્થિતી વિકટ છે. ચૂંટણીમાં પ્રથમ વખત હુંસાતુંસી ઘુસીઆવી છે. જ્ઞાતિમાંથી બે મહાનુભાવોએ ઉમેદવારી નોંધાવી છે. બન્ને પાસે પોતપોતાની વિશેષતા - મર્યાદાઓ છે. એકે સાંધવ મહાજનની જવાબદારી સંભાળે છે અને શ્રી અખિલ ભારત અચલગચ્છ જૈન

**ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષાની ઈ-મેલ આય.ડી બદલાય છે હવેથી ઈ-મેલ** kdoprakash@gmail.com **પર મોકલાવા.**

Please Note New Email ID of C.D.O. Prakash Samiksha : Email : kdoprakash@gmail.com

*સંઘમાં પણ લાંબા સમયથી સક્રિય છે. તો બીજા મહાનુભાવે મુંબઈ મહાજનની યુવા ટીમનું નેતૃત્વ કર્યું છે.*

*આવી વિશેષતા- મર્યાદાને કારણે આ ટક્કરને જ્ઞાતિ માટે કેટલાક અણીયાળા સવાલ ઊભા થવાના છે.*

*અલબત્ત ચુંટણીઓમાં તો આવું ચાલ્યા કરે એમ વિચારી આ બાબતોને ગૌણ ગણી લઈએ તો પણ એકમાત્ર અચલગચ્છ પરંપરામાં માનનારી જ્ઞાતિ તરીકે સ્વીકારાયેલ અચલગચ્છની પતાકા ઊંચીને ઊંચી લઈ જવાનું ધ્યેય આમાં વિસારે પડ્યું છે, એમ અત્યારની રસાકસી - પ્રચાર - પ્રતિપ્રચાર અને ઘર્ષણ સર્જતી પરિસ્થિતી જોતાં ચોક્કસ પણે કહી શકાય.*

*એકંદરે એવી સ્થિતી નિર્માણ થઈ છે કે કોઈપણ ઉમેદવાર જીતે તે અચલગચ્છના હિત જેટલા જોખમાવશે તેના કરતાં આપણી જ્ઞાતિના હિત - ખાસ કરીને જ્ઞાતી એકતાને લાંબા સમય સુધી અનેક ઘણી માત્રામાં ડામાડોળ કરી મુકશે. જેથી જ્ઞાતિમાં વિસંવાદના વાદળો લાંબા સમય સુધી ઘુમરાયા કરશે, એવા જે એંધાણ વર્તાઈ રહ્યાં છે, હકીકતમાં ન પરિણમે એવું ઈચ્છીએ.*

**- ચંદ્રસેન મોમાયા**

## અબડાસા વિસ્તારની આપણી સંસ્થાઓ ૧લા કવરથી ચાલુ

સ્થાનિકે આવેલ આપણા ભવ્ય જિનાલયો, ઉપાશ્રયો, અન્ય મકાનો, બંગલાઓ, હવેલીઓ, ખાસ દરિયાઈ કિનારા ઉપર ખારાસવાળા વાતાવરણથી જુના પથ્થરોમાં લુણો લાગ છે અંદરથી નબળા પડતા જાય છે. જિનાલયોની જાળવણી અતિ જરૂરી અને આવશ્યક છે. કચ્છમાં હર હમેશ સેવાના કામ માટે તત્પર એવા શ્રી પ્રવિણભાઈ દંડ (વેકરા) જેમના માર્ગદર્શનમાં ભદ્રેશ્વર તીર્થનું નવનિર્માણ થયેલ અને એક નવુ તિર્થ, શિવમસ્ત તીર્થ આગામી દિવસોમાં પ્રતિષ્ઠા સંપન્ન થવાની તૈયારીમાં છે. પ્રવિણભાઈ હમેશા કોઈપણ કાર્ય માટે માનદ સેવા આપવા તૈયારજ હોય છે, ખાસ જિનાલયોના કાર્યમાં તેઓની આગવી સુઝબુઝ/અનુભવ અને ઓછા ખર્ચે સારૂં કામ કરાવી અપાવવા દરેક ગામોએ તેઓની સેવાનો મહત્તમ લાભ લેવો જોઈએ. દેવદ્રવ્યની આવક બીજે કયાંય પણ આપણે વાપરી શકતા નથી ત્યારે આપણી આ ગૌરવ સમા વિરાસતોની જાળવણીમાં વધુ વપરાશ કરવો જોઈએ. ખરેખર દરેક ટ્રસ્ટના બહારગામ રહેતા ટ્રસ્ટીઓએ તેરા, સુથરીનાં ટ્રસ્ટીઓ/અગ્રણીઓ દર પુનમનાં સ્થાનિકે આવે છે. તેમ અન્ય ગામોનાં ટ્રસ્ટીઓએ માસિક નહી તો ૩,૭,૧૨ માસિક નિયમ લેવો જોઈએ, જેથી સ્થાનીક સમસ્યાઓથી વોકફ થઈ શકે અને કાર્યવાહી કરી શકે. બાકી દશ દિવસ પર્યુષણ ઉજવણી માટે સ્થાનિકે રસોડું ચાલુ કરીએ પણ બાકીનાં ૩૫૫ દિવસનું શું?

ધન્યવાદ તો આપવા જોઈએ જ્ઞાતિ શ્રેષ્ઠીશ્રી જયેશભાઈ ભાગચંદ જૈન જેવા ભાગ્યશાળીને તેઓ દર્શનાર્થે વારાપધ્ધર અને રાણપર તીર્થે ગયેલ ત્યારે પ્રભુજીની મુર્તીઓને ઓપ-લેપ કરવાનું જરૂરી લાગતાં તાત્કાલીક સ્વખર્ચે મુર્તીઓનું સંપુર્ણ કામ કરાવી ઉત્કૃષ્ટ કાર્ય કરેલ, ખરેખર આવા કાર્યો માટે મહાજને અનુમોદના કરવી જોઈએ.

## વનિતા વિશ્વ ૧૯માં પાનેથી ચાલુ

અહીંજ તેમને તે વખતે આઈ.ટી.ના નવા ક્ષેત્રમાં સંઘર્ષ કરી રહેલા નારાયણ મુર્તી મળ્યા અને પરિચય વધતા તેઓ પરણીગયા. આ દામ્પતિએ અનેક પ્રેરક કાર્યો કર્યા અને કરી રહ્યા છે એ જાણીતી વાત છે.

ભારતીય મહિલાઓએ પ્રખર પ્રતિભાવંત મહિલા શ્રીમતી સુધા નારાયણ મુર્તિનાં એ પ્રેરક દ્રષ્ટાંતમાંથી પ્રેરણા લઈ, હવે ભારે રેલ્વે એન્જીન ચલાવવા સુધીની પ્રગતિ કરી છે. ખરેખર ભારતીય નારી ખરા અર્થમાં શક્તિ બની ચુકી છે.

### જ્ઞાતિ વિધ્વાન શ્રી વિરચંદ ધરમશીને ભગવાનજી ઈંદરજી વિશેના પુસ્તક માટે એશીયાટીક સોસાયટીનો સિલ્વર મેડલ

મુંબઈમાં અને ભારતમાં વિધ્વતાનું વાતાવરણ સર્જવા પ્રખ્યાત એશીયાટીક સોસાયટી મુંબઈના સ્થાપના દિન કાર્યક્રમમાં જ્ઞાતિ વિધ્વાન શ્રી વિરચંદ ધારમશીનો **ભગવાનજી ઈંદરજી પ્રાથમ પુરાતત્વશાસ્ત્રી** વિશેના પુસ્તક માટે એશીયાટીક સોસાયટીનો સિલ્વર મેડલ અર્પણ કરાશે. આ કાર્યક્રમ ફોર્ટમાં હોર્નીમન સર્કલ પાસે આવેલ એશીયાટીક સોસાયટીમાં મંગળવાર તા. ૨૬.૧૧.૧૩ ના સાંજે ૫.૩૦ વાગ્યાથી યોજાશે.

## ખડવલી વૃધ્ધાશ્રમ અને ધ્યાન કેન્દ્ર - *પ્રવીણ દામજી ડાઘા - ચેન્નઈ*

છત્રપતી શિવાજી ટર્મીનસથી કસારા કે આસનગાવ જતી લોકલમાં પ્રવાસ કરતાં ટીટવાલા સ્ટેશન બાદ ખડવલી મુંબઈ પરાનું સ્ટેશન. ખડવલી સ્ટેશનથી ઓટોમાં પાંચ જ મિનિટમાં **જીવન-સંધ્યા માંગલ્ય** સંસ્થા દ્વારા સંચાલીત માતોશ્રી વૃધ્ધાશ્રમ અને એને લગોલગ વિપસ્યના ધ્યાન કેન્દ્ર પહોંચી જવાય.

વૃધ્ધાશ્રમમાં ભૂજના એક કચ્છી ભાઈ નામ પરમાર ત્યાં વરસોથી સેવા આપી રહ્યા છે. એ આપને વૃધ્ધાશ્રમ બતાવશે. દરેક વ્યક્તિના જીવનની અંતિમ પરિણીતીબુઢાપો અને મૃત્યુ.

આ શરીર ધારા, જીવનચક્ર જેને ભગવાન મહાવીર સ્વામી ભવચક્ર શબ્દ વાપરે છે એ બાબત એમના નીચે જણાવેલ ત્રણ સુત્રો શું કહે છે તે જણીએ

સૂત્ર ૬ જણીજ્જઈ ચિન્તિજજઈ જન્મ જરા મરણમ્ સંભવ દુઃકખમ્ ન ચે વિસણસુ વિરજજઈ, અહો સુબુદ્દો કવડ ગંઠી.

અર્થ : જીવ (માનવ) બુઢાપો, જન્મ અને મરણથી થનારા દુઃખને બુધ્ધિના સ્તર પર જાણે છે, એનો વિચાર (ચિંનત - મનન) પણ કરે છે પરંતુ વિષયોથી વિરકત થઈ શકતો નથી. અહો! માયાનું બંધન કેટલું મજબુત છે.

સુત્ર ૭ઃ જન્મ દુકખમ્ જરા દુકખમ્, રોગાય મરણાણીય, અહો દુઃકખો સંસારો, જત્થ કીસતી જતંવો

અર્થ : જન્મ દુઃખ છે, બુઢાપો દુઃખ છે, રોગ-બિમારી દુઃખ છે અને મૃત્યુ દુઃખ છે, અહો ! સંસારજ (ભવચક્ર) દુઃખ જ દુઃખ છે. એમાં જીવ કલેશ અનુભવી રહ્યો છે... ભોગવી રહ્યો છે....

સુત્ર ૮ : હા જહ મોહિયમયણા, સુગહ મગ્ગં, અજાણ માણેણમ્ ભીમે ભવકંતારે, સુચિરમ્ ભમીયમ ભમીયમ ભય કરમ્મિ!!

અર્થઃ આ ખેદ છે, કે સુગતિનો માર્ગ ન જાણવાને કારણે હું મૂઢમતિ ભયાનક તથા ઘોર ભવનમાં ચિરઃકાલ સુધી (અનેક જન્મોથી) ભ્રમણ કરતો હતો. (ભટકતો હતો) અને કરતો રહ્યો...

વૃધ્ધાશ્રમમાં દાખલ થાવ અને એમાં વસતા (એમ કહો કે ત્યજી દીધેલા) વૃધ્ધોના ચહેરા પરની કરચલીઓ, ડગમગાતા- ધ્રુજતા પગ, ધુંધળી આંખો, સાંભળવવાની ક્ષમતા ખોઈ ચુકેલા અર્ધ બહેરા કાન, અને માથાપર સફેદ વાળની ધ્વજાઓ, અને ચાયનો પ્યાલો હોઠો સુધી માંડમાંડ પહોંચાડતા કંપતા હાથ... એ જોઈને જો શું? પોતે પણ એકવેળા આ અવસ્થામાંથી પસાર થઈશ? જો આવો બોધ થાય તો તમે સાચા અર્થમાં ધર્મમાં પહેલું પગલું ભર્યુ... મુકિતના માર્ગમાં આ એક નાનું સાચી દિશામાં પહેલું પગલું ...

દાખલ થતાંજ વૃધ્ધ મહિલાઓ અને પુરૂષો તરતજ તમને મળવા આવશે, વર્ષોથી રાહ જોઈ બેઠા કે કોંક દી મારા સંતાનો મને જરૂર મળવા આવશે, અને એ આવ્યા નથી પણ કોઈ બીજાજ આવ્યા છે એ જોઈને હતાશ નિરાશ થઈ પાછા પોતાના નિવાસ સ્થાને ચાલ્યા જાય. કોઈક વૃધ્ધો તો પુછે કે શું તમે મારા ગામથી આવ્યા છો? મારા દિકરાને તમે ઓળખો છે? એને જોયો? એ કેમ છે?

આ વૃધ્ધાશ્રમમાં આવા લગભગ સોવૃધ્ધોની સારવાર બહુજ કાળજીથી લેવાય છે. બધીજ સગવડો આપવામાં આવી છે. દર વર્ષે એકવાર ક્યાંક જાત્રાના સ્થળે પણ ફરવા લઈ જવાય. છે એક નાની હોસ્પીટલ પણ છે અને જો ગંભીરૂ બીમારી હોય અને ત્યાં સારવાર થાય તેમ ન હોય તો એમની પાસે એમ્બુલન્સ પણ છે.... આવા બીમાર વૃધ્ધને સારવાર માટે નજીકની મોટી હોસ્પીટલમાં પણ પહોંચાડવામાં આવે છે. શારીરીક બધી સગવડો હોવા છતાં માનસિક રીતે પડી ભાંગેલા આ વૃધ્ધોની મનોવ્યથા જાણે એમનાજ શબ્દો / વાચા ત્યાંની દીવાલો પર લખેલા છેઃ જેમાંથી થોડા વાકયો નીચે મુજબ છે.:

૧. હમને ઉન્હે બોલના શીખાયા, અબ વે હમે મૌન રહના સીખાતે હૈ.

૨. માં તબ ભી રોતી થી, જબ બેટા નહીં ખાતા થા રોટી.. માં અબ ભી રોતી હૈ, જબ બેટા નહીં ખીલાતા રોટી...

૩. જબ ભી તુમ્હારે કારણ તુમ્હારે મા બાપ કે આંખોમેં આંસુ આતે હૈ તો સમજ લેના, તુમને કીયા હુઆ સારા ધર્મ ઉન આંસુઓકે દરિયામેં બહ ગયા...

હમ વૃધ્ધ હુએ, તો આપને હમે વૃધ્ધાક્ષમમેં ભેજા, યદિ આપ પૈદા હોતે હી હમ તુમ્હે અનાથાશ્રમ ભેજતે તો, આપકો કૈસા લગતા?

૫. આપકા જબ જન્મ હુઆ તબ 'મા' રોઈ થી, અબ ભી આપકે જન્મદિન પર આપકો યાદ કરકે રોતી હૈ...

... આ બધું જોયા બાદ જો તમે ખરેખર જાગી જાવ અને મનમાં વિચાર આવે કે આ સંસારનો ઉપક્રમ જન્મ, બીમારી, બુઢાપો, મરણ સુખદુ:ખ, પાપ-પુણ્ય, ધર્મ - અર્ધમ, કર્મ-સકર્મ, પ્રમાદ-અપ્રમાદ આ બધો પ્રપંચ ક્યા નિયમોને આધારે ચાલે છે, એ જાણવાની તીવ્ર તરસ લાગે (જ્ઞાન પિપાસા) તો બાજુમાંજ વિપસ્યના ધ્યાન કેન્દ્ર છે. આ વિપસ્યના ધ્યાન કેન્દ્રનું નામ છે ધમ્મ સરીતા... આ ધ્યાન કેન્દ્રનું દસ દિવસના ધ્યાન શિબિરો યોજાય છે.

આપણા બધાજ તિર્થંકરોએ ધ્યાન દ્વારાજ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું અને મુક્તિ મેળવી હતી. આપણા બધાજ મંદીરોમાં તિર્થંકરોની મુર્તિઓ ધ્યાનસ્થ અવસ્થામાં જ છે.

યોજતા દસ દિવસીય ધ્યાન શીબોરોની ક્ષમતા મર્યાદીત હોય છે અને અરજીઓ વધુ આવે છે. જેતી હંમેશા ૧/૨ માસ અગાઉજ કેન્દ્રોમાં બુકીંગ થઈ જવાથી શિબીર ફૂલ જાય છે.

ત્યાંના નિયમો નીચે મુજબ છે.

૧. દસ દિવસ ત્યાંજ રહેવું પડે, અધવચ્ચે છોડીને આવી ન શકાય. ૨. દસ દિવસ મૌન પાડવું પડે. ૩. સવારના ૫.૩૦ વાગે નાસ્તો, બપોરે ૧૧વાગે જમણ અને સાંજે પાંચ વાગે ચાય - દૂધ અને વધારેલા મમરા. પણ જો ગર્ભવતી મહિલા, ડાયબેટીક અથવા અન્ય રોગ ગ્રસ્ત હો અને સાંજનું જમણ, સ્વાસ્થ્યના કારણે અતિ આવશ્યક હોયતો ડોક્ટરોનો પત્ર, દવાઈની વિગત લઈ આવો તો વ્યવસ્થા થઈ શકે છે. ૪. સવારના ૪ વાગે ઉઠવું પડે ૫. ત્યાં બહીર યાત્રા બંધ કરી અંતર યાત્રાનો પ્રવાસ શરૂ થાય છે... જેથી લખવાનું, વાચવાનું, ટી.વી, રેડીઓ, મોબાઈલ ફોન, અખબાર વગેરેથી દૂર રહેવું પડે, મોબાઈલ ફોન ત્યાંજમા કરાવી દેવું પડે, જે દસ દિવસ બાદ પાછું મળે. ૫. આ બધી વ્યવસ્થા માટે કંઈ પણ ખરચ કરવો પડતો નથી. જો દાન આપવાની ભાવના જાગે તો આપી શકો.

આપણા જૈન આગમોમાં પણ આ વિપસ્યના ધ્યાન બાબત વિગતવાર સમજણ આપવામાં આવી છે. પણ આપણે જે આગમોંથી લખેલી વિગત અનુવાદ કરી, એ પ્રમાણે કરીએ. (અનુભવના સ્તર પર નહીં કે બુધ્ધિના સ્તર પર) તો જરૂર મુક્તિના દ્વાર ખુલી શકે. પણ દુર્ભાગ્યની વાત છે કે આપણે એ આગમોને વરસોથી તાળામાં બંધ કરી, એમનેજ બંધનમાં મુકી દીધા છે. આગમોને બંધનમાં કરી નાખ્યા, કેટલી બધી વિટંબણા?

આગમનું એક સુત્ર નીચે મુજબ છે, જે વિપસ્યના બાબત વિગત આપે છે.

કામ કામી ખલુ અયમ્ પુરિસે સે સોયઈ જુરઈ ૧૧/૨૨/ તિખઈ સુત્ર, ૯૩ - ૫૩ છે.

વ્યક્તિ કામ કામનાઓમાં છ ઈન્દ્રીયોના સુખમાં અને એને લગતા વિષયોમાં બાંધેલો છે લીપ્ત છે, તે બહુ દુ:ખી થાય છે... તડપે છે અને શોકને પ્રાપ્ત થાય છે... સુખી થઈ શકતો નથી.

૨. આયખયખુ લોગવિપસ્સી લોગસ્સ અહો ભાગમ્ જાણઈ ગાડિઢએ લોએ અણુપરિય દ્દ માણે સંધિ વિઈત્તા ઈદ મચિએહિ, એસં વીરે પસંસિએ, જે બધ્દે પડિમોયએ ૧૧/૨૩ સુત્ર ૯૪.

અર્થ: એવા અંતર ચક્ષુ, મનોચક્ષુ પ્રાપ્ત થાય જેથી (લોકો) સાડા ત્રણ હાથની કાયામાં વિપસ્યના ધ્યાન કરવાનું આવી જાય (શીખી જાય). વિશેષ પ્રકારે જોવાની ક્ષમતા આવી જાય... જે જેવું દેખાય (ભાસ માન સત્ય) છે તેવું નથી પણ જે સત્ય છે જે જેવું છે તેવું અનુભવ દ્વારા જાણી લે... અંતરમુખી થઈ, વેદનાના આધારે સત્યનો અનુભવ કરી લે... તે મુક્તિના રાસ્તે કદમ કદમ ચાલતા મુક્ત થાયજ...

એવી આશા અને વિશ્વાસ અસ્થાનો ન ગણાય કે મુંબઈમાં આપણી ૫૦૦૦ની વસ્તીમાંથી ૫૦ જણા ફકત રૂ.૫૦ના ખરચે ફકત ૧ કલાકના અંતરે આવેલ આ કેન્દ્રોમાં જઈને અંતરયાત્રાનું પ્રથમ પગલું ભરવાનું સાહસ કરે.

વિશેષ માહિતી ધ્યાન કેન્દ્ર વ્યવસ્થાપક પાસેથી મોબાઈલ નંબર ૯૨૮૨૨૪૯૨૮૨થી મેળવી શકાય. આગામી શિબીરો ૧૧ થી ૨૨ ડિસેમ્બર ૨૦૧૩ દરમ્યાન ૨૫ ડીસેમ્બરથી ૧૫ જાન્યુઆરી ૨૦૧૪ અને તે પ્રમાણે દર મહિને બે વાર યોજાશે.




## જ્ઞાતિને મુંબઈ મહાજનની ગઈ ચુંટણીમાં ગેરમાર્ગે દોરવામાં આવી હતી

અંક નં. ૪૪માં જ્ઞાતિની રહેઠાણ સમસ્યા સંબંધી શ્રી ચંદ્રસેન મોમાયાનો સેમી-તંત્રીલેખ વાંચ્યો. તેમને વિનંતી કે તેઓ લાંબાને લચ ના વાકયોની જગ્યાએ ટૂંકા ને ટચ વાક્યો લખવાની કોશિશ કરે તો વાંચનારને જલ્દીથી ગળે ઉતરે.

તેઓ જણાવે છે કે ટ્રસ્ટ કે મહાજનની વ્યવસ્થાપક સમિતિની મુદ્દત પછીય સક્રિય રહે તેવી કાયમી સમિતી બનાવવાનું મહાજનશ્રીની વ્યવસ્થાપક સમિતિના પદાધિકારીઓ પર છોડી દેવામાં આવે એ તો એક અર્થમાં ગઈ ચૂંટણીમાં મુંબઈમાં વસતા જ્ઞાતિજનોએ કરેલ ગાડરિયા મતદાનનો ગેરલાભ લેવા જેવી બાબત ગણાય. શ્રી ચંદ્રસેનભાઈના આ નિરીક્ષણના અનુસંધાનમા જાણાવવાનું કે આપણે ટ્રસ્ટીઓ તેમજ વ્યવસ્થાપક સમિતિના સભ્યોની કાયમ માટે ચુંટણી કરતા નથી. આપણે ફક્ત પાંચ વર્ષ માટે જ તેમને ચૂંટી મોકલીએ છીએ. તો પછી તેમને પોતાના જ સભ્યોમાંથી? કાયમના ધોરણે કોઈ પણ કામ માટે સમિતી નીમવાનો અધિકાર કેવી રીતે મળી શકે? આવી કાયમી સમિતીઓ બનાવવાની સત્તા બંધારણ પણ આપે એવી શક્યતાઓ નહિવત છે. ભુતકાળમાં આવો કોઈ પણ દાખલો અસ્તિત્વ ધરાવે છે કે કેમ તેની ચકાસણી કરી લેવા વિનંતી. ટ્રસ્ટ અને મહાજનના બંધારણના નિષ્ણાતોનો મત જાણ્યા પછી જ આબાબતમાં આગળ વધવું એવો મારો મત છે. આવી સમિતિઓ બનાવવાની સત્તા જો ટ્રસ્ટીઓ કે વ્યવસ્થાપક સમિતિના સભ્યોને આપવામાં આવે તો કયારેક ગંભીર પરિણામો ભોગવવાનો પણ વારો આવી શકે છે.

વળી લેખકે છેલ્લી ચૂંટણીઓમાં થયેલા ગાર્ડારયા મતદાનનો ઉલ્લેખ ર્ક્યો છે. મતદાન ગાડરિયું હતું એ ચોકકસ પણ સાથે સાથે જ્ઞાતિજનોને ગેરમાર્ગે દોરવવામાં આવ્યા હતા એ પણ એટલું જ ચોકકસ છે. અમુક પેનલજ જ્ઞાતિનો ઉધ્ધાર કરી શકશે અને એ જ પેનલના ઉમેદવારોને



## શેઠ શ્રી નરશી નાથા જૈન બાલાશ્રમ-નલિયા ના ભૂતપૂર્વ છાત્રો જોગ



**શેઠ શ્રી નરશી નાથા જૈન બાલાશ્રમ-નલિયા નાં ભૂતપૂર્વ છાત્રો જોગ નિવેદન છે કે, બાલાશ્રમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું મેળાવો (જાન્યુઆરી/ફેબ્રુઆરી ૨૦૧૪ માં) યોજવાનું વિચાર છે. એમાં બહોળી સંખ્યામાં સામેલ થવા ભૂતપૂર્વ છાત્રોને આવાહન છે. છાત્રાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને પોતાના નામો નીચેના સરનામે નોધાવવા વિનંતી છે.**

વિનીત
**કલ્પેશ માણેકજી મોતા**

**૨૦, કાપડિયા ચેમ્બર્સ, ૫૧, દેવજી રતનશી માર્ગ, મસ્જીદ (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૦૯.**
**ફોન : ૦૨૨-૪૪૨૨ ૯૧૦૦ (ડીમ્પલ ખોના)**

**સંપર્ક સમય**
**સવારના ૧૧.૦૦ થી સાંજે ૫.૦૦**

મત આપવાની જ્ઞાતિજનોની ફરજ છે એ જ ટાઈપની એવી અપીલો વારે ઘડીએ વિવિધ પત્રિકાઓ તેમજ પેમ્ફલેટો દ્વારા બહાર પાડવામાં આવી હતી. આવી અપીલોને કારણે જ્ઞાતિજનો ગેરમાર્ગે દોરવાયા હતી. આચારસંહીતાના ભંગની ઘણી બાબતો ધ્યાનમાં આવી હતી. જેમ કે મતદાનકેન્દ્રોની તદન નજીકમાં મળતી પેનલના ઉમેદવારોના નંબરો લખેલી કાપલીઓ, મતદાન કેન્દ્રની અંદર લઈ જવી વગેરે... જ્ઞાતિ બહારની એક અન્ય વ્યક્તિ કે વ્યક્તિઓ પણ હોઈ શકે એ ચૂંટણીઓમાં ત્યારે રસ લીધો હતો. કારણ??

આવું ભવિષ્યમાં ન બનો એ માટે જ્ઞાતિજનોએ સજાગ રહેવાની જરૂર છે. ફકત યુવાનો જ દેશનું કે સમજનું ભલું કરી શકે છે એ માન્યતા ભૂલ કરેલી છે. બલ્કે યુવાનો (યોગ્ય માર્ગદર્શન વગર) દેશ કે સમાજને ખાડામા પણ ઉતારી શકે. પોતે અનુભવી ન હોય તેમણે અહમનો ત્યાગ કરીને અનુભવી અને યોગ્ય વ્યક્તિઓની સલાહ લેવાની કે તેમની પાસેથી શીખવાની તત્પરતા દાખવવી જોઈએ.

તા. ૫-૧૧-૧૩ ગાંધીધામ **શામજી પ. છેડા**

## અલ્પ સંખ્યક દરજ્જો...

શ્વેતાંબર, દિગમ્બર, સ્નાનકવાસી, તપગચ્છ ખરતરગચ્છ, અચલગચ્છ વગેરે જૈન સંપ્રદાયોએ એકછત્ર નીચે આવીને ભારતીય જૈન સંઘટના સાથે હાથ મેળવીને અલ્પસંખ્યકનો દરજ્જો હાંસલ કરવો જ જોઈએ, કારણ કે બધા જૈનો કરોડપતિ નથી. મધ્યમવર્ગીઓને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરવા મદદની જરૂર હોય છે. અલ્પસંખ્યકના માધ્યમથી જો સરકાર તરફથી બધાને મદદ મળતી હોય તો ગરીબ જૈન પોતાનું સ્વાભિમાન જાળવી શકે. એમને કોઈની સામે હાથ ફેલાવવાની જરૂર ન રહે. ઉચ્ચ શિક્ષીતોને સરકારી નોકરીમાં કવોટા મળશે અનો અલ્પસાંખ્યકોનો મળનારી સુવિધાઓનો લાભ ગરીબ જૈનોને મળશે.


આ દિશામાં આપણી જ્ઞાતિએ પણ આગળ વધીને અન્ય જૈનો, સંગઠનો સાથે મળીને એમના કામમાં સહભાગી થવું જોઈએ.

જ્ઞાતિના અનેક સ્વાભિમાની લોકો ગરીબીમાં રહીને જેમ તેમ આગળ વધે છે. એવા લોકોને શિક્ષણ અર્થમાં તો રાહત અવશ્ય મળશે.

૧૫-૮-૧૩ **સૌ. પુનમ (ખમા) પ્રફુલ મોમાયા**

## અશ્રુભીની શ્રધ્ધાંજલિ

**જન્મ :**
૧૪-૦૧-૪૯



**અરિહંત શરણ :**
૧૩-૧૧-૨૦૧૩

**ભાઈશ્રી વીરચંદ લાલજી પટેલ (લોડાયા)**

કચ્છ સાંધવ ગાંધીધામ ડોમ્બીંવલી

પ્રભુએ અલ્પકાળે માટે, તારી સાથે લાગણીના બંધનથી બાંધ્યા અને ઋણાનુંબંધ પૂર્ણથતાં,
તેં અમારી વચ્ચેથી વિદાય લીધી. પરંતુ તારી સ્નેહાળ સ્મૃતિઓ અને પ્રેમાળ મુખાકૃતિ...
અમારી આંખોના ઝબકારામાં... હૃદયના ધબકારામાં... દિવસના ઉજાસમાં અને રાત્રીના અંધકારમાં...
સતત નજર સમક્ષ તરવર્યા કરે છે અને આંખો ભીંજાયા કરે છે...

હે પ્રભુ, અમારા વ્હાલસોયા ભાઈના દિવ્ય આત્માને આપજો પરમશાંતિ...
એજ અમારી અશ્રુભીના નયને પ્રાર્થના...

**- લિ. તારા વિયોગે વ્યાકુળ**

**માતા - પિતા : માતુશ્રી જમકુબાઈ લાલજી શામજી પટેલ (મુલુન્ડ)**
**ભાઈશ્રી : પદમશીભાઈ, સ્વ. મેઘજીભાઈ, સ્વ. ઠાકરશી ખુશાલ, દિલિપ, ગોવિંદજી પટેલ**
**બેન : સ્વ. કસ્તુરીબાઈ, અ.સૌ.નયના મહેશ મોતા - લાલા**

## The Opportunity at IIT Bombay for our Gnati youth:

Number of IIT students and alumni from the gnati has crossed 15. Majority were in Mumbai and many more will aspire to be in IITB. While there are now students from the gnati who can compete in JEE in top ranks, such students are exceptions. Should other aspirants who are doing engineering in other good institutes never think @ doing research at IITB, even if for short duration?

There can be opportunities for capable students with committment to research to try alternatives. Here is just one example: IITB Research Internship

Details can be seen at:
**http://www.ircc.iitb.ac.in/fellowship/**

This should be considered an advance information for 2014. Preparations and good proposal can take several months.

In addition, there can be project position opening in IITB. Mostly for research projects that demand high committment and endurance; these may not be of much interest to gnati youth. Still, interested one may check

Details at sites such as: http://www.ircc.iitb.ac.in/IRCC-Webpage/rnd/WorkOpportunities.jsp

Keen to see more gnati youths in IITB.

Dr. Kirankumar S. Momaya Core Faculty, Strategic / Technology Management and Competitiveness Shailesh J. Mehta School of Management (SJMSOM) Indian Institute of Technology Bombay (IITB)

Powai, Mumbai 400076 Phone: (+91-22) 2576 7759 Email: momaya@iitb.ac.in Web: http://www.som.iitb.ac.in/

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

• સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
• રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ડ સાડીઓ.

૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ,
દાદર (ઈ), મુંબઈ - ૧૪. ટે. ૨૪૧૬ ૪૨૩૯

સંપર્ક: દિનેશ દેઢિયા - 92234 25676

## જ્ઞાતિ સાપ્તાહિકમાં પોતાનું નામ જોઈ ખુબ આનંદ થયો



પ્રકાશ સમીક્ષાની કવર સ્ટોરીનો વિષય બનાવી મારા વિશેની માહિતી જ્ઞાતિ સમક્ષ પહોંચડવા બદલ ખુબ આભાર.

મેં અને મારા પરિવારે તેનાથી જે હર્ષ - ઉલ્લાસ અનુભવ્યો છે તે શબ્દોમાં વ્યક્ત કરી શકતી નથી. ડી.એન.એ. અને ઈકોનોમીક ટાઈમ્સ માં ફોટો છપાય તેથી સવાયો આનંદ જ્ઞાતિ સાપ્તાહિકમાં પોતાનો ફોટો જોતા થયો. જ્ઞાતિને વધુ ગૌરવ અપાવવા માટે પ્રેરણા મળી, હું બનતા પ્રયાસો કરીશ. મારી ઈકોનોમિક ટાઈમ્સ વેલ્થમાં છપાયેલ સ્ટોરીને મહત્વ આપવા બદ્દલ અભિનંદન. જ્ઞાતિ પ્રતિભાઓને જ્ઞાતિ સમક્ષ આપનો પ્રયાસ હમેંશા યશ પામે તેવી શુભકામના

**- ખ્યાતિ ધરમશી**

ખ્યાતિ ધરમશીના પીયર પક્ષ વિશેની જ્ઞાતી જનોની પુછપરછ અંગે જણાવવાનું કે તે મુળ સાંયરાના હાલે ઓરંગાબાદ રહેતા ભારતીબહેન અને મધુકાંતભાઈ તેજપાલ લોડાયાની દીકરી છે.

Since 1984...
**Lagna Deep**
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**


**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

• રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
• કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
• બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
• પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**
જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.
**Mob. : 7666688881**

ગુરૂવાર બંધ

## MANGO GIRLS




MANGO GIRLS "Is a 48 minute film produced by Robert Carr, 86 year old American film maker who moved to Mumbai in the year 2000. The film is directed by 28 years old Mumbai based Sharma who is directing a film for the first time.

The film tells the story of a 160 year old tradition followed in Dharhara Village of Dharbanga District in Bihar located on the banks of Koshi and Ganga rivers where, for every girl child born, the family plants minimum 10 mango trees, using the revenue from the sale of fruit to finance her education and wedding.

The practice is interesting because it tackles three big issues at once viz. female infanticide, dowry and global warming. Female infanticide is still prevailing in Punjab, Haryana, Bihar, U.P. and Rajasthan. The tradition was started because the people of the village wanted girl children to be cause for celebration, not worry. Besides, whole world is looking for a solution to global warming and deforestation.

Each mango tree sapling takes a few years to start yielding a full harvest and in five or six years it can generate Rs. 5000.00 to Rs. 6000.00 per season. Thus each girl if she has 10 trees, has about Rs. 50000.00to Rs. 60000.00 generated annually in income.

I think, we should follow this tradition. The birth of a child is always a very special and joyful moment in any family. Every parent wants to give the best of everything to the child, be it a great childhood, education or wedding or anything. So whenever a child is born, in a K.D.O. family, irrespective of the gender, boy or a girl, the parents should plant 10 Kesar Mango trees in their native village in Kutch. The income from these trees will take care of future financial needs of the new born child.

But unfortunately, several K.D.O families have disposed off their properties in their native villages of Kutch and they do nto have any agricultural land to plant the trees. Even if they possess a house, they may not have a large courtyard to plant the trees. And who will take care of the rees throughout the yar? The project is possible only if it is taken by the community. Samasth Mahajaan or Mumbai Mahajan can take the initiative. A few donors are needed to finance purchase or a few acress of agricultural land. This land may be named "K.D.O. Ambavadi". The land can be used by each willing family who agrees to plant 10 mango saplings. Appropriate name plates may be affixed on their trees for easy identifications as to which tree belongs to which family. Annual trips may be made by the relevant families to see the progress of growth of their trees. Such visits will create a strong bonding with Kutch which is rarely visited by most of us.

A trust may be created to generate funds for purchase of fertilizers and to meet recurring monthly maintenance expenses to manage the Ambavadi. The trust may retain say 10 percent of the income generated from the trees and balance amount may be credited towards the fixed deposit in the name of the child payable to him or her on reaching the age of say 18 or 21 years.

Even when a marriage is solemnized, both the bride and the bridegroom may plant 10 trees each in such ambavadi to generate future income for self. Even on the occasion of death anniversaries, the families may plant 10 trees in the memory of the departed souls and the income generated for charitable purposes.

I hope readers will give serious thought to my suggestion and leaders of the community will take an initiative in implementation of the suggested scheme for providing financial securities to several K.D.O. families.

***- Laheri Lodaya  M : 09820299330***


### કન્યા જોઈએ છે

મુંબઈ સ્થિત (જન્મ નવેમ્બર ૧૯૮૧) ઉંચાઈ ૫.૮, T.Y.Bcom, M.C.A. Three Years Course કુંવારા પોતાનો વ્યવસાય ધરાવતા. માસિક આવક ૭૫ હજાર. નાનું કુટુમ્બ, સંસ્કારી યુવક માટે કુંવારી કન્યાના વડીલ સંપર્ક કરે. પોતાની ગાડી બે ફલેટ મુંબઈમાં છે.

મો. ૯૮૩૩૮૦૪૩૪૮ / ૯૮૧૯૫૬૮૪૩૪


### પ્રથમ પુણ્યતિથીએ શ્રધ્ધાંજલિ



**દિવ્યાબેન તિલક શાહ**

**દિવ્યા નામ, દિવ્ય જીવન...**
**વર્ષ વિત્યુંતોય તાજું તમારું સ્મરણ**

પ્રભાવતી પાનાચંદ પાશ્વિર શાહ પરિવાર (માંડવી)
લક્ષ્મીબેન વિસનજી હીરજી છેડા પરિવાર (નલીયા)
પતિ : તિલક પાનાચંદ શાહ
પુત્રી - જમાઈ : અ.સૌ. કૌશીકા પિયુષ લોડાયા
અ.સૌ. બિજલ નયન મોમાયા
દોહિત્રી-દોહિત્ર : ક્રિશા પિયુશ લોડાયા
દેવાંશ નયન મોમાયા

## આગામી કાર્યક્રમો

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ આયોજીત ૭૧ મો સમુહ લગ્ન સમારંભ

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ આયોજીત ૭૧ મો સમુહ લગ્ન સમારંભ શનિવાર તા. ૩૦.૧૧.૧૩ના શેઠશ્રી નરશી નાથા સભાગૃહ, અનંતસિધ્ધી, બડવાઈક હોસ્પીટલની સામે, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૭૮. ખાતે યોજાશે. આ સમુહલગ્નમાં ચાર નવયુગલો પ્રભુતામાં પગલા પાડશે.

**મુખ્ય કાર્યક્રમ :** નવકારશી સવારના ૭.૪૫ કલાકે, જાન પ્રસ્થાન : સવારના ૮.૨૫ કલાકે, હસ્ત મેળાપ : સવારના ૯.૦૦ કલાકે, ભોજન સમારંભ : સવારના ૧૧.૦૦ થી.

### વિશ્વ શાંતિ અર્થે નવ કરોડ નવાણું લાખ નવાણું હજાર નવસો નવાણું નવકાર જાપ

તપગચ્છાધિપતિ આ.શ્રી. પ્રેમ સૂરીશ્વરજીની નિશ્રામાં રવિવાર તા ૫.૧.૧૪ના સવારના ૮.૪૧ વાગ્યાથી ગોરેગામ એક્સપ્રેસ હાયવે પર આવેલા નેસ્કો એક્ઝીબીશન સેંટર ખાતે વિશ્વ શાંતી અર્થે નવકરોડ નવાણું લાખ નવાણું હજાર નવસો નવાણું નવકાર જાપનું આયોજન કરવામાં આવ્યું છે.

### ક.દ.ઓ. સર્વોદય મંડળ મુલુન્ડ - મહાકાળી ભાવના

ક.દ.ઓ. સર્વોદય મંડળ મુલુન્ડ દ્વારા આયોજીત અચલગચ્છ અધિષ્ઠાયિકા ભગવતી શ્રી મહાકાલી માતાજીની ભાવના તા. ૧.૧૨.૧૩નાં રાતે ૯ કલાકે વાસુપુજ્ય જિનાલયે રાખેલછે જેનો લાભ માતુશ્રી માનબાઈ દામજી ખીંયશી મૈશેરી પરિવાર - લાલાવાળાએ લીધેલ છે.

આવતા માસની ભાવના તા. ૨૨-૧-૧૪ના હશે જેનો લાભ શ્રી મોતીચંદ લાલજી ખોના પરિવાર નલિયાવાળા એ લીધો છે.


**અસલ કલા-કસબનો સમન્વય**

**જ્યોતિ** સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam

સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો
પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઈનો,
શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...

૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે, મુંબઈ- ૦૨. Tel. : 22413995 / 22402786



### મોમાઈમાં લાપસિયા પરિવાર - હાલાર

શ્રી લાપસિયા બંધૂ મંડળ તરફથી આયોજીત કુલદેવી શ્રી મોમાઈ માતાજીની ૨૦મી સમુહ પહેડી રવિવાર તા. ૧૨-૧-૨૦૧૪ના સવારના ૮ કલાકથી હોરીઝન હોલ, ડોંબિવલી (ઈસ્ટ) મધ્યે આયોજીત કરેલ છે. આ શુભ અવસરે લાપસિયા પરિવારના સર્વે ભાવિકોને તેમજ નિયાણી બહેનોને સપરિવાર દર્શન - પ્રસાદનો લાભ લેવા લાપસિયા બંધુ મંડળનું ભાવભર્યું આમંત્રણ છે.

### ગુજરાતમાં યુવા ઉમંગના ફોર્મ

કચ્છ એકમ આયોજીત યુવા ઉમંગ ૨૦૧૩ના પશ્ચિમ એકમના કન્વીનર તરીકે શ્રી હીરેન મહેન્દ્ર મોતા મો. ૯૪૨૬૩૩૩૮૮૦ની નિમણુક કરવામાં આવી છે.

શ્રી ક.દ.ઓ. જૈન પશ્ચિમ એકમના ગુજરાત સ્થિત શહેરોમાં યુવા ઉમંગ ૨૦૧૩ના ફોર્મ મેળવવા માટે આ કાર્યકર્તાઓનો સંપર્ક કરવો:

અમદાવાદ - હીરેન મહેન્દ્ર મોતા મો. ૯૪૨૬૩૩૮૮૦, વડોદરા- નરેન્દ્ર દામજી મોમાયા મો. ૯૪૨૮૬૯૩૩૦૯, અંકલેશ્વર - શ્રીમતી લતીકાબોન મુકેશ દંડ મો. ૯૨૨૭૯૦૦૧૬૯, જામનગર - તીલકચંદભાઈ જે ખોના મો. ૯૮૨૫૦૯૪૫૭૯, આણંદ - નિતીન જે ધરમશી મો. ૯૭૨૬૩૪૫૨૬૬, વાપી - શ્રીમતી બેલાબેન પારસ નાગડા મો. ૯૯૯૮૭૫૫૪૦૫, રાજકોટ - સુધીર જયચંદ લોડાયા તથા કીરીટ ટોકરશી શીયાળ મો. ૯૪૨૬૯૬૯૬૦૯, હાલોલ - ભાવેશ નવિનચંદ્ર ખોના મો. ૯૮૨૫૦૩૪૩૮૦, સુરત - હીરાલાલભાઈ વસનજી છેડા મો. ૯૩૨૭૫૨૨૩૩૧.

ગુજરાતના અન્ય શહેર-ગામના યુવા ફોર્મ માટે શ્રી ક.દ.ઓ. જૈન પશ્ચિમ એકમ સેક્રેટરી શ્રી મુકેશ માણેકજી લોડાયાનો સંપર્ક કરવો. મો. ૦૯૪૨૬૪૦૩૩૩૭, ફોન : ૦૨૬૫ ૨૪૨૩૮૦૯ ઈમેલ : forumarts@yahoo.com

## શ્રી ભલારા દાદા ભાવિક ગ્રુપ - વરંડી મોટી

શ્રી ભલારા દાદા તથા કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજીના મોટી વરંડી સ્થાનકે ધ્વજા મહોત્સવ ૭.૧૨.૨૦૧૩ શનિવારના વિજય મુર્હુતે ઉજવાશે. મુંબઈ પહેડી પ્રસંગે અપાયેલ આદેશ મુજબ શિખરની ધ્વજા માતુશ્રી તારાબાઈ કલ્યાણજી લોડાયા (મંજલ) પરિવારના સભ્યો દ્વારા ચડાવવામાં આવશે. ભાવિકો કચ્છ ટ્રેન દ્વારા ૫.૧૨.૧૩ ગુરૂવારના રવાના થશો. આ પ્રસંગે પધારનાર ઈચ્છુકો (ભાવિકો) અગાઉથી નામ નોંધાવે, જેથી સ્થાનીકે વ્યવસ્થા કરવામાં સુગમતા થશે. સંપર્ક : મણીલાલ ડી શાહ મો. ૯૩૨૨૨૭૬૨૯૬, રેમશ હિરજી લોડાયા મો. ૯૮૯૨૦૦૩૯૪૦, અનિશ દિનેશ લોડાયા મો. ૯૮૩૩૫૧૧૬૮૫.

## જૈનોને મકાન, આરોગ્ય યોજનાના લાભ માટે વિશિષ્ટ ઓળખપત્ર અપાશે

ભારત અને વિશ્વના અંદાજે સવા કરોડ જૈનોને ટૂંક સમયમાં વ્યક્તિગત ઓળખનંબર ધરાવતાં સ્માર્ટ કાર્ડ જેવાં કોમ્યુનિટી કાર્ડ (ઓળખપત્ર) મળશે. નવા રચાયેલા જૈન ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન (જિઓ) ના સભ્યો આવતા મહિને ડિસેમ્બરમાં આ પ્રોજેક્ટ શરૂ કરવાના છે.

આ પ્રોજેક્ટના ઈન્ચાર્જ અને જિઓના સભ્ય આશિષ શાહે જણાવ્યું હતું કે જિઓ કાર્ડ જૈન કોમના સભ્યોનું નેટવર્ક ઊભું કરવામાં મદદરૂપ થશે. અમે તેઓ માટે હાઉસિંગ અથવા આરોગ્ય યોજનાઓ વળતરનાં દરે મેળવવા માટે પણ વાટાઘાટો કરી શકિશૂં. તદુપરાંત આનો બીજો ઉદેશ એ છે કે અમે સભ્યોની બચત સાથે કોમના બધા લોકોના લાભ માટે સામજિક કાર્યો પણ હાથ ધરી શકિશૂં, સામૂહિક બાર્ગેનિંગના એક ઉદાહરણમાં કોમના સભ્યોએ જણાવ્યું હતું કે કેટલાક જૈન વેપારીઓએ મોટા વળતરથી નાશિકમાં બે લાખ ચોરસફૂટ જમીન ખરીદી છે તે તેમ જ આવા લાભ મેળવવા ઈચ્છતા સભ્યોને સહાયરૂપ થવા કમ્યુનિટી કાર્ડ મારફત નેટવર્ક ઊભું કરવામાં આવશે.

છેલ્લા દાયકામાં ૨૪ મુખ્ય જૈન સંસ્થાઓ અને જિઓની સ્થાપના પાછળનું મુખ્ય બળ ગણાતા જૈન મુનિ પ.પૂ. નયપદ્મસાગરજીએ કહ્યું હતું કે આ કાર્ડથી જૈનોમાં એકતા સધાશે.

## અબડાસાના ૮૫ ગામોમા પાક નિષ્ફળતાની અનાવારીની ગણત્રી શરુ

આવર્ષે કચ્છમાં વરસાદ અનિયમિત રીતે થયો અને મોટા ભાગના વિસ્તારોમાં અછત/પાક નિષ્ફળતાની સ્થિતી છે, અબડાસાના ગામો સૌથી વધુ પરેસાન છે. એ જોતાં ત્યાં પાક નિષ્ફળતાની ગણત્રી શરુ કરી દેવામાં આવી છે. જેને આધારે ત્યાં કેટલા પ્રમાણમાં દુકાળ રાહત કાર્ય ચલાવવા તે નક્કી કરવામાં આવશે.

**પરસ્પર સહમતીથી છુટાછેડા**

**આથી જાહેર કરીએ છીએ કે ગામ જખૌના હાલે - બીજાપુર રહેતા ભાવિક જયચંદ વેરશી મુનવર અને મુળ ગામ - બાંઢીયાના હાલે ભાંડુપ રહેતા રમેશ વિસનજી લોડાયાની દિકરી નેહાના, વડીલોની દરમ્યાનગીરીથી પરસ્પર સહમતીથી છુડા છેડા થયા છે.**


શુભેચ્છાસહ.....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન
સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## શ્રી કચ્છી દશા ઓશવાલ મહિલા મંચ

શ્રી કચ્છી દશા ઓશવાલ મહિલા મંચ અમદાવાદનો કાર્યક્રમ તા. ૧૯.૧૦.૧૩ ના રોજ રાખેલ હતો, કચ્છી ગરબા રમઝટની હરિફાઈ રાખવામાં આવેલ. મહિલા મંચ એ પહેલીવાર સમગ્ર કે.ડિ.ઓ. જ્ઞાતિજનોને આંમત્રણ આપેલ, ૨૦૦ જેટલા જ્ઞાતિજનો એ હાજરી આપેલ મહિલા મંચ બધા સહાયક દાતાઓશ્રી ને આભાર માને છે. મટુકડી, ઢોલ રાંઘ, ૧૨ દાંડીયા, ગરબા, તથા ઘમાલ રમી બધારએ ખુબજ મજા માણિ, છેલ્લે જમણવારને લાભ આપ્યો. વિજેતાઓ ના નામ નીચે મુજબ છે..

Group A (5 to 12) વર્ષના 1st Prize : ભાવિન - સંજય છેડા, ઈશા હિતેન મોમાયા. 2nd Prize - મહેક વિનોદભાઈ શાહ, શાહ કિંજલ.

Group B (13 to 25) 1st Prize Male: જયદીપ દિનેશ મૈશરી, Female ભૂમી જયેશ લોડાયા 2nd Prize Male: અમર રાજેશ ધરમશી, Female : મોક્ષા નવીન લાલકા

Group C (26 to 40) - 1st Prize Male : દિપેશ જયંચદ શિયાડ, 1st Prize Female :કુંદન વિશ્વાસ ધરમશી, 2nd Prize Male: આશિષ ચંદ્રકાંત લોડાયા 2nd Prize Female: મીરા રાજેશ ધરમશી

Group D (40 ની ઉપરનો) - 1st Prize Male : તેજશ લોડાયા, 1st Prize Female : સુલુબેન શાહ 2nd Prize Male: નવીનભાઈ લાલકા, 2nd Prize Female:લક્ષ્મીબેન જયચંદ શીયાડ.

જોડી ઈનામ : 1st Prize: નલીનભાઈ કેશવજી મોમાયા, જસ્માબેન હિતેન મોમાયા, 2nd Prize: ચંદ્રકાંતભાઈ લોડાયા, નિરંજનભાઈ મૈશરી

સમગ્ર કાર્યક્રમનું સંચાલન મંત્રી મીરા ધરમશી અને પ્રમુખ - ગુણવંતીબેન ગુલાબ દંડએ કરેલ

## બડગરામાં શાશ્વતી આંયબીલ ઓળી

બડગરામાં આસોની ઓળી આરાધના સુંદર રીતે પુર્ણ થયેલ. ઓળી કરનારા ૧. સૌ. રસીલા નીરંજન મોમાયા ૨. સૌ. સંગીતા વસંત પોલડીયા

પુનમ ના. નવપદ ની પૂજા ભણાવાયેલ. રાતના ભક્તિભાવના કરેલ. સૌએ ઉમંગથી ભાગ લીધેલ.

## કચ્છી જૈન મહિલા મંડળ કલકતા

ક.દ.ઓ. જૈન મહિલા મંડળ - કલકત્તા દ્વારા તા. ૨.૮.૧૩ રીટાબેન શાહ ના ઘરે કોફીચેટ રાખવામાં આવેલ. બપોરનું લંચ તેમજ ગેમ્સ રમાડવામાં આવેલ. બોલની ગેમ્સમાં મીતા લાલકા, મંજરી વીરાને પ્રાઈઝ મળેલ. પતાની ગેમ્સમાં મંજરી વીરા, મીના શાહ, નયના બુરીચાને પ્રાઈજ મળેલ.

કલ્પનાબેન શાંતિલાલ વીરાના ઘેર પૌત્રની ખુશાલ બધાને સાધર્મિક ભક્તિ કરાવેલ.

ગીતા શાહ. મંજરી વીરા તરફથી જાપ રાખવામાં આવેલ. મંડળને ૧૦૦૦ રૂા. ભેટ મળેલ. બધાને સાધર્મિક ભક્તિ કરાવેલ.

**તમારા જીવનના સર્વે શુભ પ્રસંગમાં સહભાગી થવા ઉત્સુક**
**રિશી ફુડસ ઍન્ડ સર્વિસ**
સદા સર્વાંગી સેવા કરીને ધન્યતા અનુભવશે
Rishi Foods
**We Cater all Types of Veg. Cuisine (Maxican - Italian - Burmese etc.)**
**Chintan Shah (Lodaya) :** 9619681919 Tel.: 022- 321 09097
Email : chintan_shah72@yahoo.com
**Office :** Sardar Pratap Singh Industrial Estate No. 3, Shop No. 7, Opp. Panalal Compound, L.B.S. Marg, Bhandup (West) Mumbai - 400 078

**લગ્ન સંબધી**

ખોના ગોત્રના, દુબઈ સ્થિત, જન્મ ૧૯૮૨, ઉંચાઈ ૫-૯ ઈંચ, B.com., M.B.A. ભણેલા M.N.C. માં સારા હોદા પર જોબ કરતાં યુવક માટે ત્યાંજ સેટલ થવા ઈચ્છતી, ભણેલી, સ્માર્ટ, સુશીલ કન્યાના વડીલ સંપર્ક કરે. પાત્ર ડીસેંબરમાં મુંબઈમાં આવશે (મંગલ છે). મો. **9324571461/ 9324681407**

જ્યોતી બિપીનભાઈ શાહની પૌત્રીની જન્મ ખુશાલી નિમિતે સ્નાત્રપૂજા ભણાવી બધાને, સાધર્મિક ભક્તિ કરાવેલ. મંડળને ૫૦૦ ભેટ મળેલ.

પર્યુષણ પર્વની આરાધના કરાવવા અંબરનાથથી પ્રવિણભાઈ સાવલા, હૈદરાબાદથી ચિરાગભાઈ ધ્રોળ પધારેલ. તેમણે ખુબજ સુંદર રીતે આરાધના કરાવી. બપોરના સમયે ધાર્મિક ગેમ્સ, સરસ્વતીપૂજન, પદમાવતી પૂજન, કરેલ. પોથી પ્રેમચંદ મુલજી લાલકાએ પધરાવેલ. પારાણુ પ્રવિણભાઈ સાવલા - ચિરાગભાઈ છેડાએ પધારાવેલ. સ્વપ્ન લક્કી ડ્રોથી કરવામાં આવેલ. સામુહિક પારણા છોટુભાઈ જગસી શાહ તરફથી કરાવવામાં આવેલ.

પર્યુષણબાદ કચ્છી મહિલા મંડળે કચ્છની યાત્રાનું આયોજન કરેલ. સંઘમાતા હતા ગુણવતીબેન લક્ષ્મીચંદ શાહ. ૨૪ બહેનોને એ.સી. ટ્રેનથી યાત્રા ખૂબજ સરસ યાત્રા કરાવેલ. કે.ડી.ઓ. મોટી પંચતીર્થી કરી.

જયશ્રીબેન બહેન તરફથી હોટલમાં કીટી પાર્ટી રાખવામાં આવેલ. બધાને લંચ સાથે પત્તાની ગેમ્સ રમાડી. નયના બુરિચા, રિટા સાવલા અને મીના શાહને પ્રાઈઝ મળેલ. ગેમ્સમાં મીના શાહ અને સ્મિતા શાહને પ્રાઈઝ મળેલ.

યાત્રા કરી ને પાછા ફરીને મંડળે સ્નાત્ર પુજા ભણાવી મંડળે ચાંદીનું વહાણ આપી ગુણવંતી બહેનનું બહુમાન કર્યું. તેમના તરફથી થેલાની પ્રભાવના કરવામાં આવી. મંડળને રૂા. ૫૦૦૦નો ફાળો તેમના તરફથી ભેટ મળેલ છે. તેમના તરફથી ભારતી લાલકાનું ચાંદીના સિક્કાથી, સ્મિતા શાહનું ચાંદીના સિક્કાથી જયશ્રી તેજશ શાહ એ બહુમાન કરેલ. સાધર્મિક ભક્તિ મંડળ તરફથી રાખવામાં આવેલ.

### ભાવનગર કચ્છ સમાજ સ્થાપના દિવસ

ભાવનગર સ્થિત ભાવનગર કચ્છ સમાજ દ્વારા ગત તા.૦૪.૧૦.૧૩નાં રોજ સમાજ નિર્મિત માં આશાપુરા મંદિરના પ્રાંગણમાં ૨૮માં સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવેલ હતી.

કાર્યક્રમ દરમ્યાન માં આશાપુરાના મંદિરે ઘટસ્થાપના કરવામાં આવેલ તેમજ સમાજના કાર્યલય પર ઉપરની ઓફિસનું નવનિર્મત ઓફિસ, સમાજ પરિવારના વરિષ્ઠ સદસ્યા શ્રીમતી ભારતીબેન મહેન્દ્રભાઈ શાહના શુભ હસ્તે રીબીન કાપી ઓફીસમાં મંગલ પ્રવેશ કરી ઓફીસને કાર્યરત જાહેર કરવામાં આવેલ.

પરિવાર સદસ્યા શ્રીમતી દક્ષાબેન સુરેશભાઈ પટેલ ભાવનગરથી ચાલતા (પગપાળા) કચ્છ માતાના મઢ ગયેલ હતાં તેઓની આ કઠીન યાત્રા બદલ સમાજ તરફથી તેઓનું સન્માન કરવામાં આવેલ હતું.

### ભાગનગર કચ્છ સમાજ દ્વારા નવરાત્રી

ભાવનગર કચ્છ સમાજ પરિવાર દ્વારા સમાજ નિર્મિત મા આશાપુરાના મંદિરે તા. ૦૪.૧૦ થી ૧૨.૧૦.૧૩ સુધી નવરાત્રીની ઉજવણી કરવામાં આવેલ હતી.

નવરાત્રીના નવ દિવસ દરમ્યાન મંદિર પરિસરને ફુલોના સુશોભનથી અલગ અલગ રીતે શણગાર કરવામાં આવતો હતો. રોશની કરવામાં આવતી હતી. દરરોજ રાત્રે બહેનો તથા બાળાઓ વિવિધ પોશાકોમાં રાસ - ગરબા લેતી હતી. સમાજ તરફથી તેમજ અન્ય મહાનુભવો તથા સંસ્થાઓ તરફથી સારા ગરબા તેમજ ભાતીગળ ડ્રેસ માટે બાળાઓ તથા બહેનોને ઈનામો જાહેર કરવામાં આવેલ હતા. છેલ્લા દિવસે ઈનામ વિતરણ કરવામાં આવેલ. મા આશાપુરાને ચડાવવામાં આવેલ સાડીનું પ્રસાદ રૂપે વિતરણ કરવામાં આવેલ હતું.

### શ્રી મહાકાળી જૈન મિત્ર મંડળ દ્વારા ભારતનગર ગાંધીધામમાં ભાવના

શ્રી મહાકાળી જૈન મિત્ર મંડળ દ્વારા


શુભેચ્છાસહ.....
*Laxmichand Dharshi Mota*
**MOTA SHIPPING AGENCY**
C.H.A.No.11-0404

શુભેચ્છાસહ.....
**શીતલ કોટન ટ્રેડર્સ**
શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર
(રંગપુર-કોઈમ્બતુર)

તા. ૨૬.૧૦.૨૦૧૩ ના શ્રી જીરાવલ્લા ઉપાશ્રયમાં શ્રી મહાકાળી માતાજીની ભાવના ભાગ્યશાળી - શ્રી અરુણ હીરજીભાઈ લોડાયા ગાંધીધામવાલા તરફથી રાખવામાં આવેલ. ભાવનામાં મનીષભાઈ, પ્રેમચંદભાઈ, બંકીમભાઇ, અખીલ તથા ભક્તિબેન મોમાયા, મંજુલાબેન ગોસર, મીનાબેન લોડાયા, વિજયાબેન સોનીએ સારી એવી રમઝટ જમાવેલ. મયુરીબેન લોડાયાએ ચામરથી રમઝટ કરેલ.

## સાંયરા દેરસારજીમાં નૂતન વર્ષ પ્રારંભ કાર્યક્રમ

અત્રે કારતક સુદ ૧ (૩-૧૧-૨૦૧૩) વિ.સં. ૨૦૧૦ના પુ.સા.શ્રી કોમલગીરાશ્રીજી મ.સા. તથા પુ.સા.શ્રી સિધ્ધગિરાશ્રીજી મ.સાની. નીશ્રામાં ગંભારા ઉઘાડવાની ધૃત ઉછામણી થયેલ : ૧. રંગમંડપ : મણ ૫૦૧: વાલજી હીરજી ખોના ૨. મુળનાયક ગંભારો : મણ ૮૧૧ જવેરચંદ અરજણ લોડાયા, ૩. અનંતનાથની દેરી : મણ ૫૦૧ : માતુશ્રી સોનબાઈ મુલજી ખેતસી પટેલ પરિવાર ૪. શાંતિનાથજી દેરી : મણ ૫૧૧ વાલબાઈ દામજી નરસી ધ્રોડ પરિવાર.

## શ્રી ક.દ.ઓ. જૈન એકતા મહિલા મંડળ, ગાંધીધામ

શ્રી ક.દ.ઓ. જૈન એકતા મહિલા મંડળ, ગાંધીધામ દ્વારા દરવર્ષની જેમ એકજીબીશન-કમ - સેલ ૨૦.૧૦.૨૦૧૩ યોજાયલે.

પોતાના ઘરે રહીને જે બહેનો નાના પાયે પોતનાં ગૃહ ઉદ્યોગો ચલાવે છે, તેમને આ એકઝીબીશન દ્વારા પોત-પોતાના ગૃહ ઉદ્યોગને આગળ વધારવા એક પ્લેટફોર્મ પુરૂં પાડવામાં આવે છે.

ઉદ્‌ઘાટન કચ્છ એકમના પ્રામુખશ્રી રમેશ નારાણજી દંડ તથા ક.દ.ઓ. જૈન મહાજન - ગાંધીધામના પ્રામુખશ્રી મિતેષભાઈ મધુકાંત ધરમશીના હસ્તે થયેલ.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મહિલા મંડળના કરોબારી સમિતીની બહેનો, પ્રમુખ મીના મહેશ લાલકા, દિપ્તી મિતેષ ધરમશી, કલ્પના કાંતિલાલ મોતા, પદમીની નાગડા, ભાવિની દંડ, મૃદુલા નાગડા, લતા નાગડા, તરલા ધરમશી, લીપા મૈશેરી તથા દિપ્તી લોડાયાએ જહેમત ઉઠાવી હતી.

એકજીબીશનમાં લગભગ ૪૫ જેટલા સ્ટોલ હતા. જ્ઞાતિનાં બધા સભ્યોએ હાજરી અને સહકાર આપેલ હતો. મંડળનાં પ્રમુખ લાલકાએ આભાર માનેલ હતો.

## શ્રી પારોલા ક.દ.ઓ. શ્વેતાંબર મૂર્તીપુજક જૈન શ્રી સંઘ

શ્રી પારોલાતીર્થના મહાજનશ્રીના સ્કીમ ફંડ વ્યાજમાંથી ખાનદેશમાં વસતા જ્ઞાતિભાઈઓને સહાય થયીતેની યાદી : ૧. રતિલાલ ઘેલાભાઈ કારાણી, સૌ. જયવંતીબેન રતિલાલ કારાણી દોડાંઈચા આર્થિક સહાય ફંડ વ્યાજમાંથી ૧૧૦૦૦. ૨. મા. હીરબાઈ નેણસી નરસી લાલકા બારસી ઉત્કર્ષ ફંડ વ્યાજમાંથી ૨૦૦૦૦. ૩. પદમશી મુલજી લાલકા ચોપડા વૈદકીય સહાય ફંડ વ્યાજ માંથી ૧૫૦૦૦. ૪. કલ્યાણજી જેઠાભાઈ દંડ ચોપડા વિદ્યાર્થી સહાય્ય ફંડમાંથી : ૧૧૦૦૦ ટોટલ : રૂા. ૬૩૦૦૦.

## બાળ સુરક્ષા યોજના અંતર્ગત શ્રી પ્રબોધ મુનવરની નિમણુંક

ભારત સરકારશ્રી દ્વારાસંકલિત બાળ સુરક્ષા યોજના આઈ.સી.પી. એસ. અમલમાં મુકવામાં આવેલ છે, જેનો અમલ ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવેલ છે, જેમાં આઈ.સી.પી.એસની માર્ગદર્શિકામાં જીલ્લા સ્તરે સ્પોન્સરશીપ અને ફોસ્ટર કેર યોજનાના અમલીકરણ અર્થે જિલ્લાકક્ષાએ સ્પોન્સરશીપ અને ફોસ્ટર કેર એપ્રુવલ સમિતિની રચના ગુજરાત સરકારના


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN®
TOURS & TRAVELS
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com


દિવાળીની તૈયારી એટલે આપણે ઘર દુકાન આદિની સફાઈ કરીએ છીએ, આની પાછળ નેગેટીવ એનર્જીને બહાર કાઢીને પોઝીટીવ એનર્જી માટે જગ્યા કરવાનો ઉદ્દેશ્ય છે તે આપણે સમજવું જોઈએ.

- તન-મન પરિવાર


શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental™
MADHUBAN - JHARKHAND

સામાજીક ન્યાય અધિકારીના વિભાગ ગાંધીનગરથી કરવામાં આવી છે. જેનાં ચેરમેન જિલ્લા કલેક્ટર હોય છે. આ સમિતિમાં પાંચ સભ્યો હોય છે. જેમાં સભ્ય તરીકે જ્ઞાતિના સમાજસેવક શ્રી પ્રબોધ મુનવરની નિમણુંક કરવામાં આવી છે.

## શાંતિજિન જૈન જાગૃતિ ગ્રપ દ્વારા કચ્છમાં સમુહલગ્નોત્સવ - ૨૦૧૩

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતનો સમુહલગ્નોત્સવ - ૨૦૧૩ ભુજ નજીક ભુજ-ભચાઉ રોડ ઉપર આવેલ લાખોંદ ગામ સામે આવેલ સીટી સ્કવેર મધ્યે ૭ થી ૮ ડીસેમ્બરના યોજાશે. આ સમુહલગ્નમાં ૧૨ યુગલો લગ્ન ગ્રંતિથી જોડાશે.

સમુહલગ્નના દાતાશ્રી માતુશ્રી હીરાવંતીબેન તલકશી નેણશીં લોડાયા ગામ બારોઈ-મુલુન્ડ હસ્તે શ્રીમતી પરિકા મેહુલ લોડાયા, ચિ. ધૈર્ય અને પંચમી લોડાયા છે. જ્યારે વિશેષ સહ્યોગ શ્રી રાજેન્દ્ર વીરચંદ શાહ અભિષારિકા અને સીટી સ્કવેર પરિવાર ભુજનો પ્રાપ્ત થયો છે. કન્યાદાનનાં મુખ્ય દાતાશ્રી માતુશ્રી કુંવબાઈ ભવાનજી સોની સુથરી જુહુ હસ્તે જયંત સોની જોય ગ્રુપ - મુંબઈ રહેશે.

## શ્રી ક.દ.ઓ. જૈન સંઘ, પુના

૨૦મી ઓક્ટોબરના પુના સંઘનો શરદ પુનમનો ઉજવણીનો કાર્યક્રમ થયો. સૌ પ્રથમ બપોરના શ્રી મહાકાળીમાંનો ભાવનાનું આયોજન હતું. પુના સ્થિત સંગીતકાર શ્રી પ્રફુલ્લભાઈ લોડાયાએ સંગીત મંડળી સાથે ભાવપુર્વક ભાવના ભણાવી હતી. શ્રી મહાકાળીમાની ભાવનોના દાતા પરિવાર તરીકે શ્રી જયંત દેવજી નાગડા પરિવાર રહ્યાં.

સાંજના ઢોલ-શરણાઈને સંગાથે દાંડિયા - રાસનો કાર્યક્રમ થયેલ. શરૂઆત આપણી અસલની રમત મટુકડી અને ઢોલરાંધથી થઈ, જેમાં સંઘનો વડીલ માતઓએ ખાસ ભાગ લીધેલ.

દાંડિયા રાસમાં બાર દાંડિયા અને ધમાલની રમતમાં નાના-મોટાં સહુએ ઉમંગભેર ભાગ લીધેલ.

સૌએ વિવિધ સ્વાદ સભર ભોજનનો લાભ લીધેલ. આ કાર્યક્રમના જમણવારના દાતા તરીકે માતુશ્રી નવલબેન નીવનચંદ્ર ધરમશી પરિવાર હસ્તે શ્રી સંજય ધરમશી હતા.

વિવિધ હરીફાઈઓનું આયોજન થયેલ. જેમાં બાળકોની બેસ્ટ ડ્રેસની હરીફાઈના વિજેતા ચિ. આયુષ નિમેષ મોમાયા અને ચિં. શ્રુતી હિરેન મોમાયા હતા. શ્રેષ્ઠ રમતની હરીફાઈમાં પ્રથમ વયજુથ ૧૫ થી ૩૦ વર્ષે ચિં કેવલ પ્રફુલ્લ લોડાયા અને સૌ. હર્ષા હેમલ લોડાયા, બીજા વય જુથ ૩૧ થી ૫૦ વર્ષે શ્રી તેજસ દિનેશ લોડાયા અને સૌ. મીના પ્રશાંત લાલકા અને ત્રીજા વય જૂથ ૫૦ વર્ષથી ઉપરનામાં - સૌ. સરલાબેન ભરત લોડાયા વિજયી થયા હતા. સર્વે વિજેતા ઓને સંઘ તરફથી વિવિધ ઈનામો અપાયા હતા. નિર્ણાયક તરીકે સૌ. શ્વેતા જ્ઞાનેશ ડાગા અને શ્રી ધવલ યોગેશ દંડે ફરજ બજાવી હતી.

## શ્રી અનંતનાથજી જિનાલયમાં યતીશ્રીની નિશ્રામાં ભક્તિ ભાવના

નવા વરસના કારતક સુધ ૮ રવિવારના મુંબઈ અનંતનાથજી જિનાલયે અચલગચ્છ દેવીશ્રી મહાકાલી, ચક્રેશ્વરી દેવીની ભક્તિ ભાવના પૂજ્ય યતિશ્રીના માતુશ્રી રતનબાઈની ૩૮મા પુણ્યતિથિ નિમિતે રાખવામાં આવેલ.

જેમાં ભાવિકો ભક્તિ ભાવે સારી સંખ્યામાં પધારેલ. પૂજ્ય યતિશ્રીએ માતુશ્રીએ માતૃવંદના શ્રધ્ધાંજલિથી માને યાદ કરી વંદન કરેલ ભક્તિ


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર (વરાડીયા-મલકાપુર)
M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.
Asia's First ISO 9001:2000 Certified Gin Press

ભાવના માટે શ્રી પાર્શ્વ મહિલા મંડળ ભાવવાહી રીતે ભણાવેલ. નવા વરસના આશીર્વાદ યતિશ્રીએ આખી માની ભાવના વધુ સુંદર રીતે દર મહીને થવા તપ - જાપ રતજીવન સુખદાયી રખ્યે તેવી મંગલકામના પાઠવી હતી.

## આકોલા નગરે પ્રભુ શ્રી મહાવીર નિર્વાણ કલ્યાણક છઠ્ઠ તપની આરાધના

શ્રી અંતરિક્ષન્તીર્થની તળેટી સમાન શ્રી આકોલા નગરે શ્રી આદિનાથ જિનાલયે ચાતુર્માસ અર્થે બિરામાન પ.પૂ.શ્રી દર્શનવલ્લભ વિજયજી મ.સા.ની પ્રેરણાથી પ્રભુ મહાવીર નીર્વાણ કલ્યાણક નિમિત્તે આસોવદ ૧૪ અને ૩૦ અમાસના છઠ્ઠ તપની આરાધના કરાવવામાં આવેલ. પ્રભુ મહાવીરે પોતાના જીવનકાળમાં ૨૨૯ છઠ્ઠ કરેલ હતી તે લક્ષને સમક્ષ રાખીને આકોલામાં પ્રથમ વાર ૨૬૦ ભાઈ-બહેનોએ છઠ્ઠ તપની આરાધના કરેલ. સંઘ તરફથી પારણાનું સુંદર આયોજન કરવામાં આવેલ. આપણા ક.દ.ઓ. સંઘમાંથી શ્રી મણીલાલ મોતીલાલ લાપસીયા, સૌ. સરલાબેન મણીલાલ લાપસીયા અને શ્રી કીશોર પુનશી ખોનાએ લાભ લીધેલ. આકોલા મહાજન તરફથી અનુમોદના કરવામાં આવેલ.

વિશેષમાં શ્રી અંતરીક્ષ તીર્થે પ.પૂ. શ્રી દર્શન વલ્લભ વિજયજી મ.સા.ની. પાવન નિશ્રામાં ડિસેમ્બરથી ભવ્ય ઉપધાન તપની આરાધના કરાવવામાં આવશે.

## ક.દ.ઓસવાલ જૈન મહિલા મંચ નાગપુર

સપ્ટેમ્બર મહિનાની મહાકાળીમાની ભાવના કસ્તુરબેન ધરમશીને રાખેલ. તેમણે નવરાત્રના નવ દિવસો પોતાના ઘરે ઘટ સ્થાપના કરેલ. ઓક્ટોબર મહિનાની ભાવના સૌ. આશાબેન લોડાયાને ઘરે નવરાત્રના પ્રથમ દિવસે યોજાયેલ.

અત્રે કચ્છથી પધારેલ શ્રી સોમચંદભાઈ ધરમશીએ ૧-૧૦-૧૩ના યોજાયેલ એક કાર્યક્રમમાં કચ્છ વિશે માહિતી આપી હતી. આ કાર્યક્રમ શ્રી મેઘજીભાઈ પોલડિયાના ઘરે યોજાયેલ.

કચ્છ આજે ખુબ વિકસિત થઈ ગયું છે. અને તેનો નક્શો તથા ઈતિહાસ પણ બતાવ્યો હતો. તેમની સાથે તેમના ધર્મપત્ની સૌ. લતા ધરમશી પણ પધાર્યા હતા. સોમચંદ ભાઈએ કચ્છના ધાર્મિક સ્થળો તથા જોવાલાયક સ્થળો વિશે ટૂંકમાં રસપ્રદ જાણકારી આપવાની સાથે ડી.વી.ડી. પર કચ્છના દર્શન કરાવ્યા હતી. જેમાં કચ્છના રાજા પણ દેખાયા હતા.


૧૯.૧૦.૧૩ના શરદપૂર્ણિમાનો ઉત્સવ મનાવવા બધી બહેનો સૌ. પ્રગતિ ખોનાના ટેરેશ પર જમા થઈ હતી. દાંડિયા - રાસ તથા ગરબાની રમઝટનો આનંદ માણ્યા બાદ શરદોત્સવની વિશેષ વાનગી દૂધ - પોહાની માજા માણી હતી.

## કચ્છ જૈન સમાજ અમદાવાદ નુતન વર્ષ મિલન

કચ્છી જૈન સમાજ અમદાવાદે નુતન વર્ષ નો મિલન સમારોહ સોમવારે ૫ મી નવેમ્બરે સમાજના પાલડી ખાતેના ભવન ખાતે યોજ્યો હતો. લગભગ ૪૮૦ જેટલા કચ્છી જૈનો એ આ વર્ષના મિલન સમારોહમાં એકબીજાનો શુભેચ્છાઓ પાઠવી હતી. નાના મોટા સોએ ઉમળકાભેર ભાગ લીધો હતો. એકજ સમયે શહેરના દુરદુરના વિસ્તારોમાં રહેતા તમામને એકસાથે મળવાનો આવો સુંદર પ્રયાસ સમજ દ્વારા થયો છે એ પણ ભાવતા ભોજન સાથે તેને સોએ આવકાર્યો હતો.


## વડાલામાં પ.પુ.શ્રી ગચ્છાધિપતિશ્રી વર્ષગાઠની ઉજ્વણી

અત્રે શ્રી સંઘમાં પૂ.સા.શ્રી જયરેખાશ્રીજી મ.સા. આદી ઠાણાની પાવન નિશ્રામાં ભાદરવા સુદ ૧ પુજ્યશ્રીના જન્મદિવસ નિમ્મિતે પુ.સા. શ્રી નયપુર્ણાશ્રીજી મ.સા.એ શ્રી અજિત શાંતિ જિન લઘુ પુજન શ્રી વિરભગિની મંડળના સંગીતના સથવારે ભણાવેલ. આ પ્રસંગે રૂા. ૭૦ની પ્રભાવના થયેલ.

**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**



C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

## નવા/બદલાયેલા સરનામા– (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **ભરત એમ મોતા** | બી/૭૦૨, પ્રીયમવદા સોસાયટી, નાહુર રોડ, અશોક નગરની પાછળ, મુલુન્ડ વે મુંબઈ - ૮૦ |
| **નિતિન કાનજી શાહ** | પ્લેટ નં. ૩-એ, એસક્વાયર, અશ્વેથી એપાર્ટમેંટ, એસ.આર.પી. નગર, બીજો ક્રોસ, સાઈબાબા કોલની, કોઈમ્બતુર - ૬૧૪૦૧૧ |
| **બંકિમચંદ વેલજી લાલકા** | ૬૦૩ નેપચ્યુન અપટાઉન, પોસ્ટ ઓફીસ સામે, એન.એસ.રોડ, મુલુન્ડ વેસ્ટ ૪૦૦૦૮૦ |
| **રાજેશ એસ લોડાયા** | અરિહંત રામતિર્થ મઠ ચાલ, પી.બી.રોડ, હાવેરી ૫૮૧૧૧૦ |
| **ખુશાલ લાલજી પોલડીયા** | રુમ નં. ૨૧૨, ગુરુ કુટીર કો.હા.સો. પ્લોટ નં. ૧૪, ગાંધીનગર, માનપાડા રોડ, ડોંબીવલી ઈ ૪૨૧૨૦૧ |

## નવા/બદલાયેલા ફોન નંબર

| | | | |
|---|---|---|---|
| **ભરત એમ મોતા** | 2591 5098 / 8108336424 | **ખુશાલ લાલજી પોલડીયા** | 09867383251 |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯.૧૦.૧૩ | મુલુંડ | નિહાર-વૃશાલી/પ્રજ્ઞેશ ઉમરશી લોડાયા | અરીખાણા | પુત્ર |
| ૧૭.૧૦.૧૩ | માટુંગા | વેદા-મેઘના/આકાશ દેવચંદ ધરમશી | સુથરી | પુત્રી |
| ૨૪.૧૦.૧૩ | વડોદરા | કુશ-અંજલિ/આશીષ હિરાચંદ વિકમશી | પરજાવ | પુત્ર |
| ૨૫.૧૦.૧૩ | કલવા | કિયાન-રેખા/ધવલ મોતા | કુવાપધર | પુત્ર |

### આંતર જ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭.૧૦.૧૩ | કોચીન | હનીષ નિતીન દેવશી ખોના | નલિયા | ૨૬ |
| | કોચીન | રોશની અશ્વિન મુલજી સાકરાની | માંડવી | ૨૬ |
| ૨૭.૧૦.૧૩ | અમદાવાદ | નિતીન કાંતિલાલ લોડાયા | સાયંરા | ૪૧ |
| | અમદાવાદ | સિમા જસવંતભાઈ નટવરભાઈ ખવાસ | - | ૪૦ |
| ૦૭.૧૧.૧૩ | મુલુંડ | હાર્દિક દેવદત્ત અરજણ રુપારેલ | વાકું | ૨૨ |
| | મુલુંડ | દિવ્યા નિતિન માણેકજી મોમાયા (ભઠારા) | નલિયા | ૨૨ |


### સગપણ છુટું થયું

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯.૧૧.૧૩ | ઘાટકોપર | રૂષભ જિતેન્દ્ર ઉમરશી લોડાયા | નલિયા | ૨૬ |
| | હૈદરાબાદ | રિતુ દિલીપ પદમશી મોતા | કુવા પધર | ૨૨ |


### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯.૧૧.૧૩ | જુહુ | તારાબેન કાનજી રાયશી નાગડા | જખૌ | ૮૧ |
| ૦૯.૧૧.૧૩ | ડોંબિવલી | રમીલાબેન ગોવિંદજી નરશી દંડ | નલિયા | ૬૫ |
| ૧૧.૧૧.૧૩ | મુંબઈ | વિરચંદ લાલજી શામજી પટેલ (લોડાયા) | સાંધવ | ૬૫ |
| ૧૧.૧૧.૧૩ | દિવા | રમેશ લક્ષ્મીચંદ ભાણજી લોડાયા | બાયઠ | ૬૫ |
| ૧૨.૧૧.૧૩ | ડોંબિવલી | મણીલાલ લખમશી શામજી લોડાયા | વારાપધર | ૬૨ |

## પાસ થયા – હાર્દિક અભિનંદન



**મોનિકા મણિલાલ મેઘજી લોડાયા**
**સાંયરા હુબલી** B.E. Instrumental Technology (Final) First Grade



**હેમંત પ્રવીણચંદ્ર ધરમશી**
**સુરત**
M.B.A.



**ડોલર આઝાદ છેડા**
Art Teacher Diploma (2013)
T.Y.Bcom (2011)

**ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષાની ઈ-મેલ આય.ડી બદલાય છે હવેથી ઈ-મેલ**
kdoprakash@gmail.com
**પર મોકલાવા.**

Please Note New Email ID of C.D.O. Prakash Samiksha :
Email : kdoprakash@gmail.com

## એન્જીન ચાલક ક્ષેત્રે મહિલાઓની આગેકૂચ જોઈ પ્રથમ મહિલા એન્જીનીઅર સુધા મુર્તિની યાદ તાજી થઈ

- પ્રવિણ શામજી ધરમશી



મહિલા એન્જીન ચાલક



સુધા મુર્તિ

ટાઈમ્સ ઓફ ઈંડિયાની તા. ૧૫.૧૦.૨૦૧૩ની અમદાવાદ આવૃતિમાં ખબર હતા કે સધર્ન રેલ્વે એ હેવી ડ્યુટી લોકોમેટીવ ઓપરેશન (મોટા રેલ્વે એન્જીન ચલાવવા માટેની ભારે શારીરીક શ્રમ માંગતી ફરજ) માટે બધી મહિલા હોય એવી ટૂકડી કામે લગાડી છે. આમ મહિલાઓએ પુરુષોના વધુ એક ગઢમાં પ્રવેશ મેળવ્યો છે.

આ સમાચાર વાંચીને મને જાણીતી આઈટી કમ્પની ઈન્ફોસીસના ચેરમેન નારાયણ મુર્તિના પત્ની (લગ્ન પહેલાના સુધા કુલકર્ણી) ૪૦ વર્ષ પહેલાં મેસર્સ ટેલકોમાં પ્રથમ મહિલા એન્જીનિઅર તરીકે કેવી રીતે પ્રવેશ મેળવ્યો તેની વાત યાદ આવી.

તે વખતે સુધાબેન એન્જીનીઅરીંગ કોલેજના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરી રહ્યા હતા. તેમણે પોતાની કોલેજના નોટીસ બોર્ડપર મેસર્સ ટેલકો દ્વારા એન્જીનીઅર ભરતીની નોટીસ જોઈ. તે નોટીસમાં છેલ્લે લખેલું હતું કે મહિલાઓએ અરજી કરવી નહીં.

સુધા કુલકર્ણી (મુર્તી)ને લાગ્યું આતો મહિલાઓને સરાસર અન્યાય છે. તેમણે તાતા ગ્રુપના ચેરમેન જે.આર.ડી. તાતાને પત્ર લખી જણાવ્યું કે પોતે ટોલકોમાં ઓન્જીનિઅર તરીકે જોડાવવા ઈચ્છેછે, પણ તમારી કંપનીની નોટીસ તો મહિલાઓને અરજી ન કરવી એમ જણાવે છે.

સુધા કુલકર્ણી (મુર્તી)ને આશ્ચર્યમાં ગરકાવ કરે તેવી ઘટના એ બનીકે તેમને ટેલકોએ ઈન્ટરવ્યુ માટે બોલાવ્યા હતા. તેઓ ઈન્ટરવ્યુ આપવા ગયા ત્યારે જે. આર.ડી. તાતા પોતે હાજર હતા અને તેમને ખાસ મુલાકાત આપી. તેમને સામાન્ય રીતે પુરુષોમાટે હોય તેવું વર્કશોપમાંનુ કામ સોપવામાં આવ્યું. તેમણે એનો સ્વીકાર કર્યો અને આમ તેઓ ટેલકોમાં જોડાનારા પ્રથમ મહિલા એન્જીનીઅર બન્યા.

અનુસંધાન ૧૮મા પાને

## એપલના સ્થાપક સ્ટીવ જોબ્સની ચિરવિદાયથી એપલમાં પડેલ શૂન્યાવકાશ પુરવાની જવાબદારી પણ ફેશન માર્કેટીંગ નિષ્ણાત એન્ડેલા અહરેન્ડ્પ્સને સોંપાઈ.

- ઉર્વશી ખોના



સ્માર્ટ મોબાઈલ મોર્કેટીંગ ક્ષેત્રે આમ પણ મહિલાઓની જ બોલબાલ છે. ફેસબુક નું માર્કેટીંગ શોર્લી સેંડબર્ગ સંભાળે છે તો યાહુનું મારીસ્સા મેયર અને ઈન્ટેલમાં છે રીની જેમ્સ. હવે એપલના માર્કેટીંગ હેડ તરીકે આવી રહ્યા છે. એન્ડેલા એહરેન્ડપ્સ


મજાની વાત એ છે કે ઉપર જેમનો ઉલ્લેખ છે એવી મોટાગ જાની મહિલાઓની નીમણૂક કરતા પણ એપલમાં માર્કેટીંગ વડા તરીકે એન્ડેલાની નેમણૂક રસપ્રદ ગણાય છે કેમકે ઉપર જણાવેલી બાકીની મહિલાઓની પ્રગતિ તેમની કંપનીની પ્રગતિસાથે થઈ છે. જ્યારે એન્ડેલાએ એપલના સ્થાપક સ્ટીવ જોબ્સની ચિરવિદાય પછી સામસંગ અને બીજાઓના સસ્તા સ્માર્ટ મોબાઈલ કારણે એપલ બ્રાંડ એકદમ માર ખાધેલી છે તેને બેઠી કરવાની છે. આજે એપલ બ્રાંન્ડને માત્ર ફેશનની મોંઘી વસ્તુ ગણવામાં આવે છે. આ વસ્તુ જાણીને નવાઈ લાગે કે જ્યારે આવી સ્થિતી છે. તો એન્ડેલા શું કરી શકશે ?

અહીં શું કરી શકશેની વાત નથી એન્ડેલાએ ૧૫૦ વર્ષ જુની બરબેરી કંપની જેની વિશેષતા છે ટ્રેન્ચકોટ એ પણ એપલનીજેમ નીચેને નીચે જઈ રહી હતી ત્યારે ૨૦૦૬ માં તેનાં માર્કેટીંગનું સુકાન સંભાળી તેને ફરી ટોચની બ્રિટીશ ફેશન કંપની બનાવી છે.

બરબેરી કંપનીના ટ્રેન્ચકોટ માર ખાતા હતા કેમકે તેની બધી વિશેષતાઓ નકલખોરોએ ચોરી લીધી હતી અને તેઓ એબધું સાવ સસ્તામાં આપતા હતા. એન્ડેલાએ પાતાના સંચાલકો પાસે એ કોટ સીવવાની બધી બાબતો ડીજીટલાઈઝડ કરાવી નારો વહેતો મૂક્યો, નખશીખ ડીજીટલ જે ક્લીક થયો.

ભારતીય નારી અને ક.દ.ઓ. નારીમાં પણ આવા ઘણા દ્રષ્ટાંતો હશે અને ભવિષ્યમાં વધે એવી શુભકામના.

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14 ,day of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.




To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001. Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI (Owner)** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078. Editor : **Raichand R. Nagda**